પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૭૮, કુલ પાના:૪, તારીખ: ૧૯-૦૭-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 278 PRICE :-RS. 1.50 DATE : 19-07-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

મુંબઈમાં ભારે વરસાદથી વિનાશ, ઠેર-ઠેર પાણી ભરાયા

મુંબઈના ચેમ્બૂર-વિક્રોલીમાં ભૂસ્ખલનઃ દિવાલ પડતા ૨૩ લોકોના મોત

મુંબઈ,

ભારે વરસાદના કારણે ફરી માયાનગરી મુંબઈમાં આફત આવી ગઈ છે. મુંબઈમાં રાતથી જ પડી રહેલા ભારે વરસાદને કારણે અને સ્થળે પાણી ભરાઈ ગયા છે અને રસ્તાઓ પર જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. મહારાષ્ટ્રના ચેમ્બુર અને વિક્રોલી વિસ્તારમાં ભૂસ્ખલનને લીધે દીવાલ પડતાં ૨૩ લોકોનાં મોત થયા છે. મુંબઈમાં વાશી નાકા નજીક ન્યૂ ભારત નગરમાં ભારે વરસાદને પગલે શનિવારે મધરાતે એક વૃક્ષ તૂટી પડ્યું હતું અને તેને લીધે દીવાલ ધસી પડી હતી. આ ઘટનામાં ૧૯ લોકો મૃત્યુ પામ્યાં છે અને બે લોકો રાજાવાડી હૉસ્પિટલમાં સારવાર બાદ રજા આપવામાં આવી છે. અન્ય ૪ લોકો વિક્રોલી નજીક ઈમારત તૂટી પડતા થયેલા અકસ્માતમાં મૃત્યુ પામ્યાં છે.

આ અકસ્માત પંચશીલ ચાલી વિસ્તારમાં સૂર્ય નગર પાસે ભારે વરસાદને કારણે મધરાતે ૩.૩૦ વાગે આ ઘટના બની હતી. મળતી માહિતી અનુસાર કાટમાળ હેઠળ હજુ પણ કેટલાક લોકો દબાયેલા હોવાનો ભય વ્યક્ત કરવામાં આવ્યો છે. જેથી લોકોને બચાવવા માટે કાટમાળ દૂર કરી રેસ્ક્યુ ઓપરેશન પૂરજોશમાં શરું છે. જોકે સતત પડતા વરસાદના કારણે બચાવકાર્યમાં મુશ્કેલી પડી રહી છે. અત્યાર સુધીમાં ૧૬ લોકોને કાટમાળ હેઠળથી બહાર કાઢવામાં આવ્યા છે અને મેડિકલ સહાય ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મહારાષ્ટ્રના મુખ્ય મંત્રીએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. મૃતકોના પરિવારજનોને વડા પ્રધાનના આપદા રાહત ભંડોળમાંથી ૨ લાખની સહાય અને ઈજાગ્રસ્તને ૫૦ હજારની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે. મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી ઉદ્ધવ ઠાકરેએ મૃતકોના પરિવારજનોને ૫ લાખની સહાય અને ઈજાગ્રસ્તોને મફત સારવાર આપવાનું કહ્યું છે.

ભૂસ્ખલનને કારણે ૧૫-૨૦ ઝૂંપડીઓ તૂટી પડી છે અને એનડીઆરએફ દ્વારા તેમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આશંકા છે કે હજી ત્યાં વધારે લોકો દબાયેલા હોઈ શકે છે. છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં ૨૫૩.૩ મીમી વરસાદ નોંધવામાં આવ્યો છે. છેલ્લા ૧૨ વર્ષમાં ત્રીજીવાર જુલાઈ મહિનામાં એક દિવસમાં આટલો વરસાદ પડ્યો છે. આઈએમડીના આંકડા અનુસાર આ પહેલા પણ ૧૫ જુલાઈ ૨૦૦૯ના રોજ મુંબઈમાં ૨૭૪.૧ મીમી વરસાદ પડ્યો હતો તો ૨ જુલાઈ ૨૦૧૯ના રોજ ૩૭૬.૨ મીમી વરસાદ પડ્યો હતો. મહારાષ્ટ્રમાં દર વર્ષની માફક આ વર્ષે પણ વરસાદ આફત બનીને આવ્યો છે. રસ્તાઓ પર ઘૂંટણ સમા પાણી ભરાયા છે. તો વળી કેટલીય જગ્યાએ રેલવે ટ્રેક પાણીથી છલોછલ થઈ ગયા છે. નિચાણવાળા વિસ્તાર વધારે ખરાબ હાલતમાં આવી ગયા છે. માયાનગરીમાં શનિવારે રાતથી વરસાદ થવાના કારણે કેટલાય ઘરોમાં પાણી ઘુસી ગયા છે.

શેરીઓમાં પાણી જોઈને લાગે છે કે જાણે પૂરનું પાણી શહેરમાં પ્રવેશી ગયું છે. વરસાદને કારણે, ચેમ્બુરની દિવાલ ધરાશાયી થતાં અને વિક્રોલીમાં બનેલી દુર્ઘટનામાં કુલ ૨૩ લોકોનાં મોત થયાં હતાં. એનડીઆરએફની ટીમ રાહત અને બચાવ કાર્યમાં લાગી છે. મહારાષ્ટ્રમાં અવિરત વરસાદને કારણે ગાંધી માર્કેટ વિસ્તારમાં રસ્તાઓ પર પાણી ભરાયા છે. રસ્તા પર પૂરને કારણે વાહનોની અવરજવરમાં ઘણી સમસ્યા છે. ઘણા વાહનોએ પાણીમાંથી બહાર નીકળવાનો પ્રયાસ પણ કર્યો હતો પરંતુ તે વચ્ચે જ રોકાઈ ગયા હતા, જેના કારણે સમસ્યા હજી વધુ વધી ગઈ હતી.

શનિવારની રાતથી મહારાષ્ટ્રમાં વરસાદને કારણે મુંબઈના બોરીવલી પૂર્વ વિસ્તારમાં પૂર જેવી સ્થિતિ જોવા મળી રહી છે. વરસાદનું પાણી રસ્તા પર એટલું ઝડપથી વહી રહ્યું છે કે કોઈ પણ તેને જોઈને ડરી જાય છે. પાણીની ગતિ એટલી ઝડપથી છે કે રસ્તા પર પાર્ક કરેલા વાહનો વહી રહ્યા છે. મુંબઈમાં વરસાદનું પાણી ઘૂંટણની નીચે આવી ગયું છે. લાંબા સમયથી ગરમીનો સામનો કરી રહેલા લોકોને પણ વરસાદથી રાહત મળી છે. મુંબઈના સાયન શહેરમાં જળ ભરાયેલા કિંગ સર્કલની વચ્ચે કેટલાક લોકો પાણીમાં રમતા જોવા મળ્યા હતા. મુંબઈમાં અવિરત વરસાદને કારણે સાયન રેલ્વે સ્ટેશનનો રેલ્વે ટ્રેક સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયો છે. તેવી જ રીતે ચુનાભટ્ટી રેલ્વે સ્ટેશન નજીક પાટા ઉપર ભારે પાણી ભરાયા છે. પાટા ઉપર પાણી ભરાઈ જવાને કારણે ટ્રેનોને રોકી દેવામાં આવી છે. શનિવારે મોડી રાતથી મુંબઈમાં પડેલા મુશળધાર વરસાદને કારણે હનુમાન નગરથી કાંદિવલી સુધીના વિસ્તારમાં ઘૂંટણ-પાણી ભરાયા છે. વરસાદને કારણે લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયું છે. મુંબઈ અને આજુબાજુના રસ્તાઓ સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયા છે.

ઉમરગામમાં મેઘાની તોફાની બેટિંગઃ બે કલાકમાં ૯ ઈંચ વરસાદ ખાબક્યો

વલસાડ,

વલસાડ જિલ્લામાં વહેલી સવારથી મેઘરાજા મન મૂકીને વરસી રહ્યાં છે. હવામાન વિભાગ દ્વારા વલસાડમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. ત્યારે આજે વહેલી સવારથી ધોધમાર વરસાદ તૂટી પડ્યો છે. સવારે ૬ વાગ્યાથી ૮ વાગ્યાના બે કલાકમાં વલસાડના ઉમરગામમાં ૮.૪૬ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે સંઘ પ્રદેશ દમણમાં પણ વહેલી સવારથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. દમણમાં છેલ્લા ૨૪ કલાકમાં૯.૪૮ ઈંચ વરસાદ વરસ્યો છે.

જિલ્લાના ઉમરગામમાં બે કલાકમાં ઉમરગામ–વાપીમાં૯-૯ ઈંચ, વલસાડમાં ૬ ઈંચ વરસાદ પડ્યો છે. જલાલપોરમાં ૫ ઈંચ, નવસારીમાં ૪.૫ ઈંચ વરસાદ પડ્યો છે. ગણદેવીમાં ૪ ઈંચ, ચીખલીમાં ૩.૫ ઈંચ વરસાદ પડ્યો છે. સવારથી જ વલસાડ નવસારી પર મેઘો મહેરબાન થયો છે. વલસાડના વાપીમાં ૯ ઈંચ વરસાદ પડ્યો છે. ઉમરગામમા પણ નવ ઈંચ વરસાદ પડ્યો છે.

ભારે વરસાદના પગલે વલસાડ શહેરની શાકભાજી માર્કેટમાં વરસાદી પાણીનો ભરાવો થયો છે. શહેરના છીપવાડના દાણા બજાર અને નાની ખાત્રીવાડ વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ ગયા છે. છીપવાડ રેલવે ગરનાળુ અને મોગરવાડી ગરનાળામાં વરસાદી પાણીનો ભરાવો થઈ ગયો છે. શાકભાજી માર્કેટમાં વરસાદી પાણી ભરાવો થવાથી શાકભાજી વેંચતા વેપારીઓ હાલાકીનો સામનો કરી રહ્યા છે. ઉમરગામ વિસ્તારમાં ૮ ઈંચ વરસાદ ખાબકતા ઉમરગામની પરિસ્થિતિ ગંભીર બની રહી છે.

જિલ્લામાં સવારથી ભારે પવન સાથે વરસાદ પડતાં ધરમપુર રોડ ઉપર આંબલીનું મહાકાય વૃક્ષ ધરાશાય થતા વલસાડ ધરમપુરનો મુખ્ય માર્ગ બંધ થઈ ગયો હતો. જેને લઈને એક કલાક સુધી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સ્થાનિક પ્રસાસન દ્વારા ઝાડ હટાવવાની કાનગીરી હાથ ધરવામાં આવી રહી છે. રૂરલ પોલીસની ટીમને ઘટનાની જાણ થતાં તાત્કાલિક ઘટનાસ્થળ પર પહોંચી ઝાડને દૂર કરવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

સંઘ પ્રદેશ દમણમાં પણ વહેલી સવારથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. દમણમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯.૪૮ ઈંચ વરસાદ વરસ્યો છે. દમણમાં ભારે વરસાદથી અલગ અલગ વિસ્તારોમાં પાણી ભરાયા છે. જેમાં દાભેલ ચેક પોસ્ટ તથા મોટી દમણ, મગરવાડા ઘડિયાળ સર્કલ પાસેના વિસ્તારો સહિત અન્ય વિસ્તારોમાં પાણી ભરાયા છે.

નવસારી જિલ્લામાં છેલ્લા અનેક દિવસોથી બફારા અને ગરમીથી ત્રાસેલા લોકોને રાહત મળી છે. રાતથી વરસી રહેલા વરસાદને કારણે નવસારી શહેર અને અન્ય તાલુકા મેઘમહેર થઈ છે. જેના કારણે રોડ રસ્તા અને ઘરોમાં પાણી ભરાયા છે જેના કારણે જનજીવન પ્રભાવિત થયું છે.

હવામાન વિભાગ દ્વારા ૨૧મી જુલાઈ સુધી દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય તથા ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વરસાદની આગાહી જાહેર કરાઈ છે. અમદાવાદ જિલ્લામાં અત્યાર સુધી ૫.૩૧ ઈંચ સાથે મોસમનો સરેરાશ ૧૯.૬૩ ટકા વરસાદ નોંધાયો છે. જેની સરખામણીએ ગત વર્ષે ૧૫ જુલાઈ સુધીમાં ૭.૯૧ ઈંચ સાથે મોસમનો ૨૮.૭૨ ટકા વરસાદ નોંધાયો હતો.

રાજકોટવાસીઓ આનંદોઃ સૌની યોજનામાંથી ૩૦૦ ક્યુસેક નર્મદાનું પાણી અપાશે

રાજકોટ,

રાજકોટવાસીઓ માટે સૌથી સારા સમાચાર સામે આવી રહ્યાં છે. રાજ્યમાં ચારે બાજુ વરસાદી માહોલ જામ્યો છે એવામાં રાજકોટમાં હજુ પણ વરસાદ ખેંચાતા લોકોને માટે સર્જાતી પીવાના પાણીની સમસ્યા વચ્ચે મુખ્યમંત્રી રૂપાણીએ મહત્વનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી રૂપાણીએ રાજકોટ શહેરમાં નર્મદાનું ૩૦૦ ક્યુસેક પાણી આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં રાજકોટ શહેરને પીવાનું પાણી પૂરું પાડતા ન્યારી ડેમમાં સૌની યોજના અન્વયે ૩૦૦ ક્યુસેક પાણી પહોંચાડવા મુખ્યમંત્રી રૂપાણીએ સૂચના આપી છે.

તદનુસાર રવિવાર સવારથી આ પાણી પહોંચાડવા પમ્પિંગ કામગીરી શરૂ કરવામાં આવી છે.સૌની યોજના અંતર્ગત રાજકોટ ના ન્યારી ડેમ માં આપનારું આ પાણી મંગળવારે સવાર સુધીમાં ન્યારી ડેમ માં પહોંચશે. ન્યારી ડેમ મારફત આ પાણી રાજકોટ શહેર ને આપવા નું શરૂ થવાથી પશ્ચિમ રાજકોટના લોકો નાગરિકોની પીવાના પાણીની સુવિધામાં વધારો થશે.

કલોલના શેરીસા ગામે સ્ટેટ મોનિટરિંગ સેલના દેશની દારુની ભઠ્ઠીઓ પર દરોડા

ગાંધીનગર,

ગાંધીનગરના કલોલ તાલુકાના શેરીસા ગામે ખુલ્લા ખેતરમાં બાંધેલા વિશાળ મંડપ બાંધીને ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર સ્ટેટ મોનિટરિંગની ટીમે દરોડો પાડતા સ્થાનિક પોલીસ ફફડી ઉઠી હતી. આ દરોડામાં પોલીસે ૫૩ નંગ કેરબા ભરીને દેશી દારૂ, ૨ હજાર લીટર વોશ, ૧૧ વાહનો, ૧૧ મોબાઈલ રોકડ રકમ તેમજ દેશી દારૂ ગાળવાનાં સાધનો મળીને કુલ રૂ. ૩.૧૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી સ્થળ પરથી ૮ ઈસમોને ઝડપી લેવામાં આવ્યા છે. જ્યારે ફરાર બે રીઢા બુટલેગરોને ઝડપી લેવા ચકો ગતિમાન કરવામાં આવ્યા છે.

ગાંધીનગરનાં કલોલ તાલુકાના શેરીસા ગામે વિશાળ મંડપ બાંધીને ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓમાં દેશી દારૂ ગાળીને અમદાવાદના બુટલેગરોને સપ્લાય કરવાના મસમોટા નેટવર્કનો સ્ટેટ મોનીટરીંગ સેલના નાયબ પોલીસ અધિક્ષક જયોતિ પટેલની ટીમ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમને બાતમી મળી હતી કે શેરીસા ગામમાં આનંદપરામાં રહેતો નાગજી ઉર્ફે નાગેશ શકરાજી ઠાકોર મોટાપાયે દેશી દારૂની ભઠ્ઠી ચલાવી રહ્યો છે. જેનાં પગલે સ્ટેટ મોનીટરીંગ સેલના સબ ઈન્સ્પેકટર ઈન્દ્રજીતસિંહ વાઘેલા, હેડ કોન્સ્ટેબલ મૂકેશકુમાર જેસંગ ભાઈ તેમજ સ્ટાફના માણસો ઉપરાંત એસઆરપી ના કુમક દ્વારા બાતમી વાળી જગ્યાએ દરોડો પાડવામાં આવ્યો હતો.

આ દરોડા દરમિયાન કાચા છાપરાંમાંથી સાતેક ઈસમોને આબાદ રીતે ઝડપી લેવામાં આવ્યા હતા. જ્યાંથી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને દેશી દારૂના ૨૪ કેરબા તેમજ ૮ ટુ વ્હીલર વાહનો પણ મળી આવ્યા હતા. બાદમાં પકડાયેલા ઈસમોની પૂછપરછ કરતાં ૬૦ વર્ષીય શકરા ઠાકોરે જણાવ્યું હતું કે, તેના દીકરા નાગજી ઉર્ફે નાગેશ દ્વારા દેશી દારૂની ભઠ્ઠીઓ ચલાવવામાં આવે છે. જે તેમના ખેતરમાં આવેલી ભઠ્ઠીઓ પર લોડીંગ રિક્ષા લઈને દેશી દારૂનો જથ્થો લેવા માટે ગયો છે. જેનાં પગલે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ શકરાજી ઠાકોરને સાથે રાખી ખેતરમાં ત્રાટકી હતી. અહીં તાડપત્રીથી બનાવેલા વિશાળ મંડળ બાંધવામાં આવેલો હતો અને કુલ ૮ ભઠ્ઠીઓ ચાલુ હાલતમાં મળી આવી હતી. પરંતું પોલીસ રેડની ગંધ આવી જતાં મુખ્ય સૂત્રધાર નાગજી ઠાકોર ફરાર થઈ ગયો હતો.

આ અંગે સ્ટેટ મોનીટરીંગ ટીમના સૂત્રોએ જણાવ્યું હતું કે, દરોડા દરમિયાન શકરાજી માનસંગજી ઠાકોર, જીતેન્દ્રસિંગ સુખબીરસિંઘ નંદા, સોનુ મહેશભાઈ ભરદેલે, પોપટજી મોહનજી ધોબી, સુનિલ નવનાથ પાંડે, રમેશ સોમાભાઈ મીણા, દિલીપ પંડિત ભાઈ સૂર્યવંશી અને રમેશ મોચીને ઝડપી લેવામાં આવ્યા છે.

આ અંગે જાણ થતાં સાતેજ પોલીસ પણ દોડી આવી હતી. સ્થળ પરથી દેશી દારૂ ગાળવાની સામગ્રી એટલી મોટી સંખ્યામાં હોવાથી પોલીસને ટ્રેકટર મંગાવીને તમામ સરસામાન ભરવો પડ્યો હતો.

આજથી ચોમાસુ સત્રઃ ખેડૂતો-કોરોના-મોંઘવારી મુદ્દે વિપક્ષ બઘડાટી બોલાવશે

ન્યુ દિલ્હી,

સોમવારથી સંસદના ચોમાસુ સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. ૧૯ દિવસ ચાલનારા આ સત્રમાં વિવિધ મુદ્દે ભારે હંગામો મચે તેવી શકયતા છે. કોરોના, પેટ્રોલ-ડીઝલના ભાવ, ખેડૂતના પ્રશ્નો, વેકસીનેશન સહિતના મુદ્દે ધબધબાટી બોલે તેવી શકયતા છે. સત્ર પૂર્વે સરકાર અને વિપક્ષ પોતપોતાની રણનીતિ ઘડવામાં વ્યસ્ત છે અને બેઠકોના દૌર શરૂ થયા છે. આ સત્રમાં સરકાર ૩૦ બીલ પસાર કરાવવા માંગે છે. આ સત્ર સવારે ૧૧ થી ૬ સુધી ચાલશે અને તે ૧૩ ઓગષ્ટે પુરૂ થશે. બન્ને ગૃહોની બેઠક સવારે ૧૧ વાગ્યે શરૂ થશે. આ સત્ર ૧૩ ઓગષ્ટ સુધી ચાલશે. સત્ર દરમિયાન કોરોનાના પ્રોટોકોલનું પાલન કરવામાં આવશે. રોજ સાંજે ૬ વાગ્યા સુધી બેઠક ચાલશે. આ સત્રમાં સરકાર ૩૦ જેટલા ખરડાઓ પસાર કરાવવા માંગે છે. જેમાં ૧૭ બીલ નવા હશે અને ૧૩ સંશોધિત હશે.

વિપક્ષે સરકારને ઘેરવાની તૈયારી કરી રહી છે તો વડાપ્રધાને મંત્રીઓને તમામ તૈયારીઓની સાથે સંસદમાં તેમની વાત રાખવાનું કહ્યું છે, વડાપ્રધાને રાજ્યકક્ષાના પ્રધાનોને તેમના કેબિનેટ કક્ષાના પ્રધાનો સાથે બેઠક કરી મંત્રાલયના કામો કરવાનો નિર્દેશ આપ્યો છે.

વટહુકમ દ્વારા ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ (સુધારા) બીલ , ધ એસેન્શીયલ ડીફેન્સ સર્વિસ બીલ , અને કમિશન ફોર એર ક્વોલીટી મેનેજમેન્ટ ઈન દિલ્હી બીલ રજૂ કરવામાં આવશે. આ ત્રણ બીલમાંથી આવશ્યક સંરક્ષણ બીલ ઉપર ધમાલ મચવાની પૂરી શક્યતા છે. કારણકે આ બીલમાં દેશભરમાં સેના માટે હથિયાર, દારૂગોળા અને ગણવેશ બનાવવાના કારખાનામાં હડતાળને ગેરકાનૂની ગણવામાં આવશે. તેમજ હડતાળમાં સામેલ લોકોને ૨ વર્ષ સુધીની જેલ પણ થઈ શકે છે આવી જોગવાઈને કારણે આ બીલનો વિરોધ થઈ શકે છે. સંઘ સાથે જોડાયેલા મજૂર સંઘે પણ આ બીલનો સખત વિરોધ કર્યો છે.

આ ઉપરાંત દિલ્હી એનસીઆર અને આજુ બાજુના વિસ્તારોમાં પરાળી સળગાવાના કારણે જે વાયુ પ્રદૂષણ ફેલાય રહ્યું છે. તેને રોકવા માટે પણ બીલ આવી રહ્યું છે, તેના પર પણ વિપક્ષ ભારે હંગામો મચાવી શકે છે. દિલ્હી સરહદ પર વિરોધ કરી રહેલા ખેડૂતો પણ આ બીલનો વિરોધ કરી રહ્યાં છે. વીજ સુધારણા બીલ, ડિપોઝિટ વીમા અને ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન બીલ, કોલસો બેરિંગ એરિયાઝ (એક્વિઝિશન) બીલ અને પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી જેવા કુલ મહત્વના ૧૪ બીલ રજુ કરવામાં આવશે. આ ઉપરાંત લદાખમાં કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય સ્થાપવાની જોગવાઈ કરતું બીલ પણ પસાર કરવામાં આવશે. આ સાથે જ માનવ તસ્કરી, ખાસ કરીને બાળકો અને મહિલાઓની હેરાફેરી રોકવા માટે અને આ જઘન્ય કૃત્યમાં સામેલ લોકોને સખત સજા આપવાનું બીલ પણ આ જ સત્રમાં રજુ કરવામાં આવશે. જુના બીલોમાં ડીએનએ ટેકનોલોજી બીલ, ડેટા પ્રોટેક્શન બીલ અને સિનિયર સિટીઝન બીલ પણ ખૂબ મહત્વપૂર્ણ છે.

દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ કલ્પના બહારઃ સચિન પાયલ

જયપુર,

દેશમાં કોરોના મહામારીનો સામનો કરી રહેલી પ્રજા પર પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાનો બોજ સતત વધી રહ્યો છે. દેશમાં શનિવારે પેટ્રોલના ભાવમાં પ્રતિ લીટર ૩૦ પૈસાનો વધારો થયો હતો જ્યારે ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નહતો. આ સાથે દેશમાં પેટ્રોલ અને ડીઝલમાં ૭૫ દિવસમાં ૪૧ વખત ભાવ વધારો ઝીંકાયો છે, જેને કારણે પેટ્રોલ ૧૧.૪૪ અને ડીઝલ ૯.૧૪ રૂપિયા મોંઘાં થયા છે. પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારાની ટીકા કરતાં કોંગ્રેસના નેતા સચિન પાયલટે દાવો કર્યો છે કે, દેશના ૨૫૦ શહેરોમાં પેટ્રોલનો ભાવ ૧૦૦ રૂપિયાને પાર થઈ ગયો છે. આ બાબતની કોઈ કલ્પના થઈ શકે તેમ નથી.

દેશમાં પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોની ચૂંટણીના પરીણામો જાહેર થયા પછી ૪થી મેથી નિયમિત સમયાંતરે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારાની પરંપરા ચાલુ રહી છે. જોકે શનિવારે ડીઝલના ભાવમાં કોઈ વધારો કરાયો નહોતો. બીજી જુલાઈ પછી ત્રીજી વખત ડીઝલમાં ભાવ વધારો ટાળવામાં આવ્યો છે જ્યારે ૧૨મી જુલાઈએ ડીઝલમાં પ્રતિ લીટર ૧૬ પૈસાનો ઘટાડો કરાયો હતો. દેશના પાંચ મેટ્રો દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, કોલકાતા અને બેંગ્લોરમાં પેટ્રોલે ૧૦૦ રૂપિયાની સપાટી વટાવી દીધી છે.

કચ્છની ધરતી ફરી એકવાર ધ્રૂજીઃ ૩.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

કચ્છ,

કચ્છમાં ભૂકંપના આંચકા આવવાની ઘટનાઓ છાશવારે બની રહી છે. આજે પણ ફરી એકવખત ધરતી કંપન થતાં સ્થાનિકોમાં ચિંતા જોવા મળી હતી, તો કેટલાક લોકો ઘરની બહાર પણ દોડી આવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે, રવિવારે બપોરે ૧૨.૪૩ કલાકે કચ્છમાં ફરી એકવાર ભૂકંપનો આંચકો આવતા સ્થાનિકોના જીવ તાળવો ચોંટ્યા હતા. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૩.૯ની નોંધવામાં આવી છે. તો ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી ૧૯ કિલોમીટર દૂર નોંધાયું હતું. મધ્યાન સમયે આવેલ ભૂકંપની તિવ્રતા એટલી હતી કે, તેની અસર ભચાઉ, રાપર, ગાંધીધામ અને ભૂજ સુધી જોવા મળી હતી. જેને લઈને સ્થાનિક લોકોના જીવ પડીકે બંધાયા હતા. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીના કહેવા અનુસાર પશ્ચિમ ખાસી હિલ્સ એટલે કે મેઘાલયમાં ભૂકંપનો આંચકો વહેલી સવારે ૪.૨૦ મિનિટે આવ્યો અને અહીં સૌથી ઓછી એટલે કે ૨.૬ની તીવ્રતા નોંધાઈ હતી. આ સિવાય સોનિતપુર એટલે કે આસામમાં સવારે ૨.૪૦ મિનિટે ભૂકંપ આવ્યો હતો અને તેની તીવ્રતા ૪.૧ની રહી હતી. ચંદેલ એટલે કે મણિપુરમાં ૧.૦૬ ના સમયે ૩.૦ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો.

દેશમાં પાછલા ૨૪ કલાકમાં ૪૧,૧૫૭ નવા કેસ, ૫૧૮ લોકોના મોત

ન્યુ દિલ્હી,

સ્વાસ્થ્ય મંત્રાલયે રવિવાર સવારે જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪૧,૧૫૭ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૫૧૮ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૧૦,૨૬,૮૨૯ થઈ ગઈ છે. બીજી તરફ દેશમાં કુલ ૪૦,૪૯,૩૧,૭૧૫ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. એક દિવસમાં ૫૧,૦૧,૫૬૭ લોકોને રસી આપવામાં આવી છે.

દેશમાં અત્યાર સુધીમાં કોવિડ-૧૯ મહામારી સામે લડીને ૩ કરોડ ૨ લાખ ૬૯ હજાર ૭૯૬ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૪૨,૦૦૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૪,૨૨,૬૬૦ એક્ટિવ કેસ છે. બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૪,૧૩,૬૦૯ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧૭ જુલાઈ, ૨૦૨૧ સુધીમાં ભારતમાં કુલ ૪૪,૩૯,૫૮,૬૬૩ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. શનિવારના ૨૪ કલાકમાં ૧૯,૩૬,૭૦૯ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

૨૪ કલાકમાં વધુ ૪૨,૦૦૪ દર્દીઓ સાજા થવાના કારણે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૩,૦૨,૬૯,૭૯૬ થઈ ગઈ છે. નવા કેસની સામે સાજા થયેલા દર્દીઓ વધતા એક્ટિવ કેસની સંખ્યા ૪,૨૨,૬૬૦ થઈ ગઈ છે. આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૧૭ જુલાઈ સુધીમાં કુલ ૪૪,૩૯,૫૮,૬૬૩ સેમ્પલ લેવામાં આવ્યા છે. જ્યારે ગઈકાલે વધુ ૧૯,૩૬,૭૦૯ સેમ્પલ લેવામાં આવ્યા હતા. એઈમ્સના પ્રમુખે શનિવારે એ ચેતવણી આપી છે કે ભારતમાં કોરોના વાયરસની ત્રીજી લહેર 'Inevitable' છે અને તે આવતા મહિને દેશમાં આવી શકે છે માટે બધાએ ઘણા સાવચેત રહેવાની જરૂર છે કારણકે થોડી પણ બેદરકારી ફરીથી ભયાનક રૂપ લઈ શકે છે. તમને જણાવી દઈએ કે સતત ચેતવણી છતાં પણ લોકો નિયમો અને પ્રોટોકૉની અનદેખી કરી રહ્યા છે.

ગતરોજ કેરેલામાં કુલ ૧૬ હજાર કરતા પણ વધારે પોઝિટીવ કેસ સામે આવ્યા છે. સાથેજ ૧૧૪ લોકોએ અહીયા પોતાનો જીવ પણ ગુમાવ્યો છે. જોકે સારી બાબત એ પણ છે કે ત્યા ૧૩ હજાર કરતા વધારે દર્દીઓ સાજા થયા છે. હાલ કેરળમાં કુલ ૨૮૩૭ એક્ટિવ કેસ વધ્યા છે જેના કારણો લોકોમાં ભય ફેલાયો છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

સંતરાપુરમાં યુવતિનો ગેરકાયદેસર ગર્ભપાત કરતી મહિલાઓ સાથે વિડીયો વાયરલ થતાં હડકંપ

સંતરામપુર,

મહીસાગર જિલ્લામાં નાની ઉમર ધરાવતી યુવતીના પેટમાં રહેલા બાળકને પેટમાં જ હત્યા કરી દેવામાં આવી રહી હોવાનો વિડિઓ એક યુવાન દ્વારા આપવામાં આવ્યો છે. જે બાબતે દ્વારા વિડિઓની તલસ્પર્શી તપાસમાં વિડિઓમાં બતાવવામાં આવેલું લોકેશનમાં સંતરામપુર નગરમાં આવેલ એફ.સી.આઈ.ગોડાઉન પાછળના ભાગમાં એક મકાનમાં મહિલાના પેટમાં રહેલા બાળકને બહાર આવતા પહેલા જ હત્યા કરી દેવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મહીસાગર જિલ્લામાં આવા અનેક જગ્યાએ ગોરખ ધંધાઓની હાટડીઓ ચાલી રહી છે. અનેક વાર હોસ્પિટલના ડોક્ટરો ઝડપાયા પણ છે પરંતુ ક્યાંક ભીનું સંકેલાતા ડોક્ટરો પરત આવીને પાછી પોતાની હાટડીઓ ચાલુ કરી દેવાના કિસ્સાઓ અનેક બહાર આવ્યા હોવાનું સ્થાનિક લોકો પણ જણાવી રહ્યાં છે. આ વિડિઓમાં એક નાની ઉમર ની યુવતીને બેભાન કરીને પેટ માંથી રહેલા બાળકની હત્યા કરતા અંદાજીત ત્રણ થી ચાર મહિલાઓ વિડિઓમાં દેખાઈ રહી છે અને સંતરામપુર એક મકાનમાં ચાલી રહેલા બાળકની હત્યાનો ગોરખ ધંધા થી માત્ર ૧૦૦ મીટર દૂર આવેલ પ્રિયલ હોસ્પિટલના સ્ટાફ હોવાનું પ્રાથમિક તારણમાં બહાર આવ્યું છે. ત્યારે આવી બાળકની હત્યાનો કારસો કેટલા ટાઈમ થી ચાલી રહયો છે. હત્યાનો ગોરખધંધો તે ઉચ્ચકક્ષાએ થી તપાસ થાય તો એક બાદ એક મોટા માથા બહાર આવે તો નવાઈ નહીં હાલ તો વિડિઓ જોઈ આરોગ્ય અધિકારી એ તપાસ સમિતિ રચી તપાસ કરી ફરીવાર જિલ્લામાં આવું કૃત્ય ના થાય તેવા હેતુસર યોગ્ય કાર્યવાહી કરી હત્યાનો ગુનો નોંધવાનું જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી સ્વપિનલ શાહ જણાવી રહ્યા છે. ત્યારે કેવા પ્રકારની કાર્યવાહી આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવે છે. તે જોવું રહ્યું.

વિડિઓમાં જોવાઈ રહેલ ત્રણ થી ચાર મહિલા કે જેઓ નાની ઉંમરની યુવતીના રહેલા પેટ માંથી બાળકની હત્યા કરી રહયા છે. તે મહિલા સ્ટાફ સંતરામપુરની પ્રિયલ હોસ્પિટલ હોવાનું જાણવા મળી રહ્યું છે. તેમજ આરોગ્ય અધિકારી દ્વારા પ્રિયલ હોસ્પિટલના ગાયનેક ડોક્ટર મીનેશ શાહ સાથે વિડિઓ બાબતે ટેલિફોનિક ચર્ચા કરતા વિડિઓમાં દેખાતો સ્ટાફ મારી હોસ્પિટલનો હોવાની કબૂલાત કરી છે. ત્યારે દ્વારા પૂછવામાં આવેલા સવાલમાં વિડિઓમાં દેખાતો સ્ટાફ મારી હોસ્પિટલનો નથી નું જણાવી રહયા છે, પરંતુ આ વિડિઓ અંગે યોગ્ય તપાસ કરવામાં આવે તો દૂધ નું દૂધ અને પાણીનું પાણી ન થઈ જાય તો નવાઈ નહીં.

- નાની યુવતિને બેભાન કરી ગર્ભપાત કરાતા હતો.
- જીલ્લા આરોગ્ય વિભાગે કમીટી રચી તપાસ હાથ ધરી.

લુણાવાડામાં અદ્યતન સુવિધાવાળુ સ્પોર્ટ સંકુલ શોભાના ગાંઠિયા સમાન

લુણાવાડા,

લુણાવાડાના ઈન્દિરા મેદાનમાં છેલ્લા કેટલાંય વર્ષથી બનાવેલ અદ્યતન સુવિધાઓથી સજ્જ સંકુલ આજે પણ ધુળ ખાઈ રહી છે. લાખો રૂપિયાના ખર્ચે બનાવેલ સ્પોર્ટ સ્કુલ છેલ્લા કેટલાંય સમયથી બનીને તૈયાર થયેલ છે. ત્યારે હજુ સુધી તેને સ્પોર્ટમાં રસ ધરાવતા બાળકો માટે ખુલ્લુ મુકવામાં આવ્યુ નથી. બિલ્ડિંગ બને લગભગ ત્રણ વર્ષ કરતા પણ વધુ સમય વિતી ગયો હોવા છતાં પણ આ સ્પોર્ટ સંકુલને લુણાવાડા નગરપાલિકા દ્વારા આજદિન સુધી ખોલવામાં ન આવતા સ્પોર્ટમાં રસ ધરાવતા તમામ વ્યકિતઓમાં રોષ જોવા મળ્યો હતો.

ઈન્દિરા મેદાનમાં પણ ઠેર ઠેર કચરો તેમજ મેદાનનો મુખ્ય દ્વારા પણ કેટલાંય સમયથી તુટેલી હાલતમાં છે. પાલિકા દ્વારા નગરના પડતર પ્રશ્નોનો નિકાલ કરવામાં આવે તો ખરેખરમાં નગરમાં વિકાસ થશે.

વિરપુરના ધાટડા ગામની આંગણવાડીનો પોપડો પડતાં આંગણવાડી કાર્યકરને ઈજાઓ

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના વિરપુર તાલુકાના ધાટડા ગામે આવેલી જર્જરિત આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી કાર્યકર જમવાની બનાવી રહી હતી તે સમયે આંગણવાડીના છતના પોપડા પડતા કાર્યકર મહિલાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. મહિલાને ઈજાઓ થતાં સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ આંગણવાડી કેન્દ્રનુ મરામત માટે વારંવાર રજુઆતો કરવા છતાં તેની મરામત ન થતાં આજે આ દુર્ઘટના બનવા પામી છે. જો કે આંગણવાડીમાં બાળકો આવતા ન હોવાથી મોટી હોનારત ટળી હતી.આ અગાઉ પણ અનેક રજુઆતો બાદ પણ જર્જરિત આંગણવાડીના મકાનને લઈ અધિકારીને રજુઆતો કરવામાં આવી હોવા છતાં અધિકારીઓ ધ્યાને ન લેતા લોકોને ઈજાઓ થવા પામતી હોવાનો તાલુકામાં સીલસીલો યથાવત જોવા મળી રહ્યો છે.

ફતેપુરાના ધુધસ ગામે પરણિતાની સાથે બળજબરી કરી બિભત્સ માંગણી

ફતેપુરા,

દાહોદ જિલ્લામાં મહિલા પરના અત્યાચારોમાં જાણે વધારો થઈ રહ્યો તેમ લાગી રહ્યું છે. થોડા દિવસો પહેલાંજ ધાનપુરના ખજુરી અને દેવગઢ બારીઆમાં મહિલા અત્યાચારના બનેલા બે બનાવોનો સાહી હજુ સુકાઈ નથી. ત્યારે ફરી મહિલા પરના અત્યાચારનો બનાવ સામે આવ્યો છે. જેમાં દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ધુધસ ગામે એક પરણિત મહિલાના ઘરમાં એક નરાધમ ઘુસી જઈ પરણિતાની ખેંચતાણ કરી વિભિત્સ માંગણી કરી હતી. આ માંગણી પરણિતાએ ન સંતોષતાં નરાધમે પોતાની સાથે ૦૫ જેટલા ઈસમો સાથે લઈ મહિલાના ઘરે આવ્યો હતો અને પરિણિતાની ૦૨ વર્ષીય માસુમ બાળાને આ ઈસમોએ અપહરણ કરી લઈ નાસી ગયાં બાદ જો પોલીસમાં ફરિયાદ આપીશ તો મારી નાંખીશું અને ગામમાં રહેવા નહીં દઈએ તેવી ધમકીઓ આપતાં જિલ્લામાં ફરીવાર આ ઘટનાને પગલે ખળભળાટ મચી જવા પામ્યો છે.

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ખજુરી ગામમાં મહિલા ઉપરના અત્યાચારના ઘૃણાસ્પદ બનાવને પગલે સમગ્ર ગુજરાત રાજ્યમાં હાહાકાર મચી જવા પામ્યો હતો. સૌ કોઈએ આ ઘટનાને વખોડી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવા રજુ આતો પણ કરી હતી. આ ઘટનાને પડઘા ગાંધીનગર સ્થિત મુખ્યમંત્રી રૂપાણી, ગૃહમંત્રી સહિત ડીજીપીના ધ્યાને આવતાં તેઓ પણ આ ઘટનાને સંબંધિ કાયદેસરની કડક કાર્યવાહી કરવા દાહોદ જિલ્લા પોલીસને આદેશો કરી દીધાં હતાં. ત્યારે દાહોદ જિલ્લા કલેક્ટર અને એસપી દ્વારા આ ઘટનાનમાં ઘણા સંડોવાયેલ લોકોની ધરપકડ કરી જેલના સળીયા પાછળ આરોપીઓને ધકેલી દીધાં છે. દાહોદ જિલ્લામાં મહિલાની સુરક્ષા જળવાઈ રહે તેમ માટે દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મહિલા સુરક્ષા સમિતિઓની રચના પણ કરવામાં આવી છે,પરંતુ ક્યાંક ને ક્યાંક ખોટી માન્યતાઓ અને અંધશ્રદ્ધાને પગલે મહિલાઓ અવાર નવાર અત્યાચારનો ભાગે બનતી રહી છે.

ગત તા.૧૫મી જુલાઈના રોજ સાંજના ૦૬ વાગ્યાના આસપાસ દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં રહેતી એક ૨૩ વર્ષીય પરણિતા પોતાના ઘરે હતી. આ દરમ્યાન ફતેપુરા તાલુકાના ધુધસ ગામે ખુંટા ફળિયામાં રહેતો આનંદભાઈ મલજીભાઈ પારગી પરણિતાના ઘરે આવ્યો હતો અને પરણિતાની ખેંચતાણ કરી બિભિત્સ માંગણી કરી હતી. પરણિતાએ આ આનંદભાઈની બિભિત્સ માંગણી ન સ્વિકારતાં આવેશમાં આવેલ આનંદભાઈએ પોતાની સાથે પોતાના જ ગામમાં રહેતાં અન્ય ઈસમો પ્રકાશભાઈ ઉર્ફે પરતેશભાઈ હકરાભાઈ પારગી, પપ્પુભાઈ ચીમનભાઈ પારગી, સંદિપભાઈ ખીમાભાઈ પારગી અને મલજીભાઈ સવજીભાઈ પારગીને સાથે લાવી પરણિતાના ઘરે આવ્યો હતો અને પરણિતાની ૦૨ વર્ષીય બાળાને મારી નાંખવાની ધમકી આપી હતી અને મલજીભાઈ સવજીભાઈ પારગીએ પરણિતાને કહેલ કે, પોલીસમાં ફરિયાદ આપીશ તો તને ગામમાં રહેવા નહીં દઈએ, ગામમાં રહેવું તને ભારે પડી જશે તેમજ કહી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. આ સંબંધે પરણિતાએ ઉપરોક્ત પાંચેય ઈસમો વિરૂદ્ધ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તમામના ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

દાહોદ રેડક્રોસ સોસાયટી દ્વારા ઓકસીજન કન્સનટ્રેટરનો વિતરણ સમારોહ યોજાયો

દાહોદ,

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા દ્વારા ઓક્સિજન બેંક શરૂ કરવાના ઉમદા હેતુથી ઓક્સિજન કન્સનટ્રેટર વિતરણ સમારોહ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ દેવ વ્રત આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં આરોગ્ય વિભાગના અગ્ર સચિવ મનોજ અગ્રવાલ તેમજ એન.આર.એચ.એમ ના મિશન ડાયરેક્ટર સુ રમ્યા મોહન હાજર રહ્યા હતા. ઈન્ડીયન રેડક્રોસસોસાયટી દાહોદ જિલ્લાના માંથી કે.એલ રામચંદાની, દિનેશભાઈ શાહ, ડો.ઈકબાલ હુસેન લેનવાલા, કમલેશ લીમ્બાચીયા હાજર રહ્યા હતા. જેમાં દાહોદ જિલ્લા શાખાને પાંચ ઓક્સિજન કન્સનટ્રેટર આપવામાં આવ્યા.

દાહોદ તાલુકાના રાબડાળ ગામેથી લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલની ઉઠાંતરી

દાહોદ,

ગત તા.૦૯મી જુલાઈના રોજ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના શારદા ગામે પટેલ ફળિયામાં રહેતાં રાવસીંગભાઈ નાથુભાઈ ડામોર પોતાની મોટરસાઈકલ લઈ દાહોદ તાલુકાના રાબડાળ ગામે કોઈ કામ અર્થે આવ્યાં હતાં તેઓ પોતાની મોટરસાઈકલ રાબડાળ ગામે પાર્વતી નગર ખાતે લોક મારી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધ રાવસીંગભાઈ નાથુભાઈ ડામોરે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોસ્ટ ઓફિસનો અંધેર કાર્યવાહી

ગોધરા,

મુખ્ય પોસ્ટ ઓફિસ ગોધરાના પ્રવેશ દ્વારની બહાર ડાબી બાજુ લીલા કલરની ટપલા બોક્ષ છે. ડાક અદાલત માંથી મળેલ જાણકારી પ્રમાણે આ બોક્ષમાં નાખેલ ટપાલ રજાનો દિવસ છોડીને બીજા દિવસે લખેલ સરનામે પહોંચવી જોઈએ. સામાજીક કાર્યકર ભગવતી પ્રસાદ દ્વારા તા.૬-૬-૨૦૨૧ના રોજ તથા ૨૭-૦૬-૨૧ના રોજ લખેલ પોસ્ટ કાર્ડ તા.૨૧-૦૬-૨૧ના તથા ૬-૪-૨૦૨૧ને પંદર દિવસના સમયગાળો પસાર થયા પછી લખેલ સરનામે પહોંચી હતી. છે ને

" ભારત દેશ મહાન "

લુણાવાડામાં બસ સ્ટેન્ડની પાછળ થી લઈને માંડવી બજાર સુધીના વિસ્તારમાં લારીગલ્લા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો

લુણાવાડા,

લુણાવાડા નગરમાં બસ સ્ટેન્ડની પાછળથી લઈને માંડવી બજાર સુધીના વિસ્તાર અને અન્ય અમુક રસ્તાઓમાં ટ્રાફિકની સમસ્યા ઉભી થઈ છે. આ સમસ્યાના નિવારણ માટે સ્થળ તપાસ કરતાં અમુક રસ્તાઓ ઉપર અમુક પ્રકારના વાહનો અને લારી-ગલ્લાંઓની એન્ટ્રી ઉપર પ્રતિબંધ મૂકવો જરૂરી હોઈ કલેકટર કચેરીની ફોજદારી શાખામાં મૂકવામાં આવેલ નકશા અનુસાર ક્યા રોડ ઉપર કયા પ્રકારના વાહોની પ્રવેશની પરવાનગી આપવામાં આવશે અને કયા પ્રકારના વાહનો, લારી, ગલ્લાં ઉપર પ્રતિબંધ મૂકવામાં આવનાર છે તેની માહિતી આપવામાં આવેલ છે.

તદ્અનુસાર નકશામાં જે રોડ ઉપર ૦ દર્શાવવામાં આવેલ છે તે વિસ્તારમાં ચારચકી સુધીના તમામ વાહનોની અવર-જવરની પરવાનગી આપવામાં આવશે પરંતુ ફોર વ્હીલર, થ્રી વ્હીલર, લારી-ગલ્લાનું પાર્કિંગ પ્રતિબંધિત જયારે દરકોલી દરવાજાથી ફુવારા ચોક પહેલાં સુધી (ચોક ઉપર નહિં) નિયત જગ્યાએ રોડની બાજુમાં પટ્ટાની બહાર ફકત ટુ વ્હીલરનું પાર્કિંગ કરી શકાશે.

આજ રીતે નકશામાં ઝીક ઝેક દર્શાવવામાં આવેલ હોય તે વિસ્તરમાં કોઈપણ જાતના વાહનો, લારી-ગલ્લાની, અવર-જવર કે પાર્કિંગ કરી શકાશે નહીં, ફકત સાયકલ અને પગપાળા યાત્રીઓ આ વિસ્તારનો ઉપયોગ કરી શકશે અને રાજેશ જનરલ સ્ટોર્સ થી લઈને દરકોલી દરવાજા પાછળનો રસ્તો જયારે નકશામાં જે રોડથી દર્શાવેલ છે. તે વિસ્તારમાં કોઈપણ ફોર વ્હીલર, થ્રી વ્હીલર, લારી-ગલ્લાંની અવર-જવર કે પાર્કિંગ કરી શકાશે નહીં. આ રોડ ઉપર નિયત જગ્યાએ ફકત એવા ટુ વ્હીલર્સ ની પાર્કિંગ ની પરવાનગી આપવામાં આવશે કે જેની આર.સી. બુક પર જે તે વિસ્તારનું રહેણાંક નું સરનામું હશે. આ સિવાયના ટુ વ્હીલર્સ ફકત અવર-જવર કરી શકશે. દર્શાવેલ રસ્તાવાળા ભાગોમાં તેમજ નકશા વિસ્તારની તમામ વાણિજયીક સંસ્થાઓએ પ્રોપર્ટી કાર્ડમાં દર્શાવેલ કોઈપણ ક્ષેત્રફળથી બહાર કોઈપણ સંજોગોમાં કોઈપણ જાતનો સામાન, બોર્ડ રાખવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

આ નકશામાં દર્શાવેલ સૂચિમાં જણાવવામાં આવેલ વિગતો/માહિતી સામે જો કોઈપણ નાગરિકને કોઈ વાંધો હોય તો તેઓએ તેમના વાંધા/સૂચનો જિલ્લા કલેકટર કચેરીની મેજિસ્ટ્રેરીયલ શાખા (ફોજદારી શાખા) તા. ૨૩/૭/૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ/ટપાલથી મોકલી આપવા ત્યારબાદ આવેલ કોઈ વાંધા/સૂચનો ગ્રાહ્ય રાખવામાં કે ધ્યાને લેવામાં આવશે નહીં જયારે ગ્રાહ્ય રાખવા પાત્ર વાંધો કે સૂચનો ધ્યાનમાં રાખીને અંતિમ નિર્ણય કરવામાં આવશે ત્યારબાદ તમામ નાગરિકો/વાહનો/સંસ્થાઓને નિયમના ભંગ બદલ વગર સુનાવણીએ કડક કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ સંબંધિતોને નોંધ લેવા મહીસાગર-લુણાવાડાના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. મનિષ કુમારએ એક ચાટી દ્વારા જણાવ્યું છે.

મહિસાગર જિલ્લા કલેકટર ડો.મનિષ કુમારનો માનવીય સંવેદનાસભર અભિગમ

લુણાવાડા,

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કોરોનાથી માતા-પિતાનું અવસાન થતાં નિરાધાર બનેલા બાળકો માટે મુખ્ય મંત્રી બાળ સેવા યોજના અમલમાં મૂકી છે. કોરોનામાં માતા-પિતાની છત્રછાયા ગુમાવી નિરાધાર બનેલા બાળકોનો આધાર આ સરકાર છે. તેમણે નિરાધાર બાળકો પ્રત્યે પિતૃવત્સલ સંવેદના પ્રગટ કરીને મુખ્યમંત્રી બાળ સેવા યોજના હેઠળ આવા અનાથ-નિરાધાર બાળકોને ૧૮ વર્ષની વય સુધી દર મહિને રૂ. ૪૦૦૦ની સહાય આપવામાં આવે છે. તેની વયમર્યાદા વધારીને ૨૧ વર્ષ કરવામાં આવી છે.

"મુખ્યમંત્રી બાળ સેવા યોજના" અંતર્ગત મહિસાગર જિલ્લાના કોરોનાથી નિરાધાર બનેલ ૧૦ બાળકોને તાજેતરમાં આ યોજનાના હુકમ પત્રો આપવાની સાથે મા વાત્સલય કાર્ડ પણ આપવામાં આવ્યા હતા.

કોરોનામાં આવા માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર બાળકોને મહીસાગર-લુણાવાડાના જિલ્લા કલેકટર ડો. મનિષ કુમારએ માનવીય સંવેદનાસભર અભિગમ અપનાવી પત્ર પાઠવ્યો છે.

જિલ્લા કલેકટર ડો. મનિષ કુમારએ આ બાળકો અને પાલક માતા-પિતાને જે પત્ર પાઠવ્યો છે. તેમાં જિલ્લા કલેકટરએ જિલ્લા વહીવટી તંત્ર તમારી અને તમારા પાલક માતા-પિતાની સાથે ખડેપગે છે. આ માટે મહીસાગર જિલ્લાના કલેકટર તરીકે આ બાળકો અને તેમના પાલક માતા-પિતાને ખાત્રી આપવામાં આવી છે કે, બાળકોનો અભ્યાસ ચાલુ રાખવાની શરતે, જયાં સુધી બાળક ૨૪ વર્ષનું નહીં થાય ત્યાં સુધી આ બાળક માટે એનાથી પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સંબંધિત, કોઈપણ સમસ્યાનું સમાધાન કરવા માટે મહીસાગર જિલ્લાના વર્તમાન અને આવનાર જિલ્લા કલેકટર આ બાળકો અને તેમના પાલક માતા-પિતાને મુલાકાત આપવામાં પ્રાથમિકતા આપવામાં આવશે અને તેમની સમસ્યાના સમાધાન માટે વ્યકિતગત કાળજી રાખવામાં આવશે તેમ જણાવી બાળકોના ઉજ્જ્વળ ભવિષ્યની કામના વ્યકત કરી છે. આમ, જિલ્લા કલેકટર ડો. મનિષ કુમારએ આ બાળકોને સરકાર તેમની પડખે હોવાની ખાત્રી કરાવી એક નવતર અભિગમ અપનાવ્યો છે.

અર્બન હેલ્થ સેન્ટર, લુણાવાડાની મુલાકાત લેતાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહ

લુણાવાડા,

કોરોના વાયરસની મહામારી સામે દેશ સહિત રાજ્ય લડત આપી રહ્યું છે. ત્યારે કોરોના વાયરસને નિયંત્રણમાં રાખવા માટે જિલ્લા કલેકટર ડો. મનિષ કુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના માર્ગદર્શન હેઠળ વહીવટી અને આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. ત્યારે જિલ્લાના નાગરિકોને કોરોનાની સાથે અન્ય આરોગ્ય લક્ષી સેવાઓ મળતી રહે તે માટે જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહ દ્વારા અવાર-નવાર જિલ્લાના વિવિધ આરોગ્ય કેન્દ્રોની મુલાકાત લેવામાં આવી રહી છે.

તદ્અનુસાર તાજેતરમાં ડો. શાહે લુણાવાડાના અર્બન હેલ્થ સેન્ટરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે કોરોના રસીકરણ, આરએમએનસીએચ તેમજ એનવીબીડીસીપી કાર્યક્રમની સમીક્ષા કરી હતી.

આ ઉપરાંત ડો. શાહે આરોગ્ય સેવાઓની વિવિધ કામગીરીની સમીક્ષા કરી નિયમિતપણે સગર્ભા માતાઓની તપાસણી થાય તે માટે તપાસણી કેમ્પનું આયોજન કરવા તેમજ પૂર્વ પ્રસૂતિ સેવાઓ તથા કુટુંબ નિયોજનની કામગીરીને સુદ્રઢ બનવવા અંગે જરૂરી સૂચનાઓ આપી માર્ગદર્શન આપ્યું હતું.

દાહોદ જિલ્લામાં મહિલા સુરક્ષા સમિતિઓ દ્વારા નારી જાગૃતિ ઝૂંબેશનો આરંભ

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

કોમળ હૃદયના પ્રતીક સમી નારીઓને તેમના અધિકારો અંગે માહિતી મળે એ માટે દાહોદ જિલ્લામાં આદરવામાં આવેલા મહિલા સુરક્ષા સમિતિ હેઠળના અભિયાન અંતર્ગત આજે ટીમોએ વિવિધ ગામો ફરી મહિલાઓની મુલાકાત કરી હતી. તેમાં સામાજિક ગેરમાન્યતાઓ ત્યજીને પોતાના અધિકારો પ્રત્યે જાગૃત થવા સમજ આપવામાં આવી હતી.

દાહોદ જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા સંયુક્ત પણે આ ઝૂંબેશ આદરવામાં આવી છે. કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ એક આદેશ કરીને તમામ મામલતદારોને ગામોની ફેરણી કરવા જણાવ્યું હતું. જેમાં તેમણે મહિલા સુરક્ષા સમિતિ બનાવાનું કહી ગામમાં કોવિડ પ્રોટોકલને અનુસરી નાની શિબિરો યોજવાનું જણાવ્યું હતું.

તેના અનુસંધાને આજે તાલુકા કક્ષાએ મામલતદારોની ટીમોઓએ ખાસ કરીને બોર્ડર એરિયાના ગામોની મુલાકાત લીધી હતી. આ ટીમમાં પોલીસકર્મીઓ ઉપરાંત ગ્રામ્ય કક્ષાના સરકારી કર્મયોગીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટીમ દ્વારા ઘરેલું હિંસા, જાતીય સતામણી સહિતની બાબતો અંગે કાનૂની પ્રાવધાનોની સમજ આપવામાં આવી હતી.

દાહોદના ગમલા ગામે હાઈવે પર અજાણ્યા વાહન ટકકરે બાઈક ચાલકનું મોત

દાહોદ,

દાહોદ તાલુકાના ગમલા ગામેથી પસાર થઈ રહેલ નેશનલ હાઈવે પર એક અજાણ્યા વાહનના ચાલકે એક મોટરસાઈકલને અડફેટમાં લેતાં મોટરસાઈકલના ચાલકેન શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં મોટરસાઈકલના ચાલકનું સારવાર દરમ્યાન મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૩મી જુનના રોજ મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં પુકસી ગામે રહેતાં બાલુભાઈ જહરસીંહ બામણીયા પોતાની મોટરસાઈકલ લઈ દાહોદ તાલુકાના ગમલા ગામેથી પસાર થતા નેશનલ હાઈવે પરથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન કોઈ અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી બાલુભાઈની મોટરસાઈકલને ધડાકાભેર ટક્કર મારતાં બાલુભાઈ મોટરસાઈકલ સાથે જમીન પર પટકાયા હતા. જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતા. જ્યાં સારવાર દરમ્યાન બાલુભાઈનું મોત નીપજતાં આ સંબંધે મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં પુકસી ગામે રહેતાં નાનકાભાઈ જહરસીંહ બામણીયાએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ જિલ્લા ના લીમખેડા તાલુકાના કુંડલી ગામે મકાનમાં આકસ્મિક આગ લાગતા ઘરવખરી બળીને ખાખ : મકાન માલિકને લાખોનું નુકશાન

લીમખેડા,

લીમખેડા તાલુકાના કુંડલી ગામે રોડ ફળિયામાં રહેતા ચૌહાણ નટવરભાઈ દામાભાઈના મકાનમાં આકસ્મિક આગ લાગતા મકાન બળીને ખાખ થઈ ગયું હતું મકાન બળીને ખાખ થઈ જતા મકાઈ ઘઉં ચણા ડાંગર સોના-ચાંદીના દાગીના સહિત ઘરવખરી સામાન કપડા લગતા પરિવારનું સર્વસ્વ આગમાં બળી જવા પામ્યું હતું.

દેવગઢબારીયા થી ફાયર બ્રિગેડના જવાનો પણ કુંડલી ગામે દોડી આવ્યા હતા પરંતુ રસ્તાના અગવડતા ના કારણે ફાયર બ્રિગેડના જવાનો ત્યાં પહોંચી શક્યા નહોતા આસપાસના લોકો આગ હોલવવા માટે દોડી આવી મોટર ચાલુ કરી આગ બુઝાવવા ના પ્રયાસ કર્યા હતા. આ ઘટનાની જાણ લીમખેડા તાલુકા વિકાસ અધિકારી એફવી બારીયા તેમજ તાલુકા પંચાયત સભ્ય રાધાબેન કિરણ બારીયા, જિલ્લા સભ્ય રમીલાબેન રાવત ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તાલુકા વિકાસ અધિકારી એફ.વી. બારીયા તેમજ તલાટી કમ મંત્રી હંસાબેન બારીયા એ જરૂરી પંચકયાસ કરી આગમાં અસરગ્રસ્ત પરિવારને વહેલી તકે સહાય મળે તે માટેની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૯-૦૭-૨૦૨૧, સોમવાર, અષાઢ સુદ-૧૦, સૂર્યોદય-૬-૧૪, સૂર્યાસ્ત-૭-૩૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્રઃ વિશાખા

- શુભ ચોઘડીયા -
૧૨-૨૭ થી અભિજીત ૧૩-૨૦ સુધી, ૬-૧૫ થી અમૃત ૭-૫૪ સુધી, ૯-૩૪ થી શુભ ૧૧-૧૩ સુધી, ૧૪-૩૩ થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૫૨, ૨૩-૩૩ થી લાભ

- શુભ હોરા-
૨૪-૫૩ સુધી શુભ હોરા ૬-૧૫ થી ૭-૨૧ સુધી ૮-૨૭ થી ૯-૩૪ સુધી ૧૧-૪૭ થી ૧૫-૦૬ સુધી ૧૬-૧૨ થી ૧૭-૧૯ સુધી

દૈનિક રાશીફળ

તા.૧૯.૦૭.૨૦૨૧ સોમવાર

મેષ (અ.લ.ઈ.) :- દિવસ દરમ્યાન નોકરીમાં મનગમતી જગ્યા મલવાની રાજકીયલાભ રહે. મિલ્કતથી લાભ મલવાનો.

વૃષભ (બ.વ.ઉ.) :- માનસીક ટેન્સન હળવું થવાનું છે આર્થિક લાભની આશા ફળવાની રોમાન્સમાં સફળતા.

મિથુન (ક.છ.ઘ.) :- સ્વાસ્ત્યમાં સુધારો થવાનો છે સામાજીક પ્રતિષ્ઠા વધે મિત્રોનો સહકાર સારો રહે.

કર્ક (ડ.હ.) :- સંતાનોને કાણે માનસિક તનાવ રહેવાનો મિલ્કતના પ્રશ્નોમાં સફળતા વિદેશથી લાભ.

સિંહ (મ.ટ.) :- જીવનસાથી સાથે મતભેદો થી દૂર રહેજો. સામાજીક કાર્યમાં સફળતા યાત્રા પ્રવાસ થાય.

કન્યા (પ.ઠ.ણ.) :- પિતાશ્રીનો સહકાર રહેવાનો નોકરીમાં પ્રમોશન પરિવારમાં માંગલીક પ્રસંગો ઉભા થાય.

તુલા (ર.ત.) :- તાજગી પૂર્ણ દિવસ રહેવાનો કોઈપણ કાર્યમાં સંપૂર્ણ ધ્યાન દેવું સાંસ્કૃતિક કાર્યમાં સફળતા નોકરીમાં ઉત્સર્વ રહેવાનો.

વૃશ્ચિક (ન.ય.) :- પ્રિયપાત્રની મુલાકાત થાય. કલક્ષેત્રે કોઈ ન ધારેકો લાભ રોજીંદા કાર્યમાં પણ તમારે ધ્યાન દેવું આત્મવિશ્વાસ વધવાનો.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- સર્જનાત્મક કાર્યોમાં સફળતા રહે. તમારા અનુભવોનો લાભ સંસ્થાને મલે. સંતાનોની પ્રગતિ યાત્રા પ્રવાસના શકયતા.

મકર (ખ.જ.) :- નિર્ધારીત સમયમાં કાર્યમાં સફળતા ન મલે. જેથી ટેન્શન રહે. વ્યર્થ સમય ન લગાડતા સાંજ પછી સારો સમય.

કુંભ (ગ.શ.સ.) :- પરિવારજનો સાથે મહત્વના ચર્ચા વિચારણા થાય. સગાઈના કાર્યમાં સફળતા રહે. વિદેશ જવા માટેની તક ઉભી થાય.

મીન (દ.ચ.ઝ.) :- નોકરીમાં દિવસ દરમ્યાન ઉપરા વર્ગ સાથે મતભેદો ટાળજો તમારા કાર્યને વળગી રહે. જરૂર સફળતા પ્રતિષ્

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

ઝાલોદના કદવાલ ગામની પોસ્ટ ઓફિસની ઘોરબેદરકારી સામે આવી

૧૩ વ્યકિતની નોટીસ એક વ્યકિતને ફાળવી દેતાં વકીલ મારફતે નોટીસ

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના કદવાલ ગામે આવેલ પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્તર અને પોસ્ટમેનની ઘોર બેદરકારી સામે આવી છે. જેમાં એક વ્યકિતએ પોતાના નાણાંકીય વ્યવહાર બદલ ગામમાં રહેતા ૧૩ વ્યકિતઓને વકીલ મારફતેની નોટીસ મોકલતાં આ ૧૩ નોટીસો એકજ મુખ્ય વ્યકિતને આપી દઈ અન્ય વ્યકિતઓને ન આપી મુખ્ય વ્યકિત, પોસ્ટ માસ્ટર અને પોસ્ટમેને એકબીજાના મેળાપીપણામાં તમામ કવરો એકજ વ્યકિતને સોંપી દેતાં આ મામલે નોટીસો મોકલનાર મહિલાએ પોતાના વકીલ મારફતે પોસ્ટ માસ્ટતર અને પોસ્ટમેનની ઘોર બેદરકારી અને ફરજ પ્રત્યે નિષ્કાળજી જોવાતાં તેઓને પોતાના વકીલ મારફતે નોટીસ ફટકારી આ મામલે ખુલાસો માંગ્યો છે અને ૧૨ વ્યકિતઓના નામના કવર તાત્કાલિક તેઓની પાસે પહોંચાડવાનો રજુઆત કરી છે.

ઝાલોદ તાલુકાના સારમારીયા ગામે નિશાળ ફળિયામાં રહતાં નીનામા સુમીત્રાબેન જગદીશભાઈએ પોતાના જ ગામમાં રહેતાં અને પ્રતિષ્ઠિત એવા ગરાસીયા દિનેશભાઈ કલસીંગભાઈને નાણાંની જરૂર પડતાં તેઓએ રૂા.૬ લાખની સુમિત્રાબેન પાસે નાણાંની મદદ માંગી હતી. સુમીત્રાબેને રૂા.૫,૩૨,૦૦૦ની વ્યવસ્થા કરી દિનેશભાઈને આ નાણાં આપી તેઓની મદદ કરી હતી તેના બદલામાં ગામમાં રહેતા લક્ષ્મણભાઈ જોખાભાઈ કટારાની જમીન ગીરવે મુકી હતી અને તેમાં જમીન ગીરો મુકવામાં કાયદેસરનું લખાણ કરી, સહી, સિક્કા કરી તેમજ સાક્ષીઓમાં ૧૨ જેટલા વ્યકિતઓનું નામનો ઉલ્લેખ કર્યો હતો. આ બાદ લાંબો સમય વિતી ગયાં બાદ પણ દિનેશભાઈ દ્વારા સુમિત્રાબેનને નાણાં ચુંકવ્યાં ન હતાં જેથી સુમિત્રાબેન દ્વારા નાણાંની અવાર નવાર દિનેશભાઈ પાસે નાણાં આપી દેવા માંગણી કરતાં હતાં પરંતુ દિનેશભાઈ દ્વારા કોઈને કોઈ બાના કરી નાણાં આપતાં ન હતાં અને આજે આપીશ, કાલે આપીશ એમ કહી દિવસો પસાર કરતાં હતાં જેથી સુમિત્રાબેન દ્વારા દિનેશભાઈ સહિત ૧૨ વ્યકિતઓના જે સાક્ષીમાં તેઓને પોતાના વકીલ મારફતે નોટીસ આપવામાં આવી હતી. આ નોટીસો રજીસ્ટર પોસ્ટ એડીથી તમામને પોસ્ટથી મોકલવામાં આવી હતી. આ નોટીસો જયારે પોસ્ટ મારફતે દિનેશભાઈ સહિત ૧૨ સાક્ષીઓના ઘરે પહોંચાડવાને બદલે કદવાલ ગામના પોસ્ટ માસ્તર અને પોસ્ટમેન દ્વારા દિનેશભાઈ સાથે મળી જઈ ૧૨ નોટીસો દિનેશભાઈ સ્વીકારી લઈ બાકીના વ્યકિતઓના ઘર સુધી પહોંચાડી ન હતી. આ બાતની જાણ સુમિત્રાબેનને થતાં તેઓએ આ મામલે કદવાલ ગામના પોસ્ટ માસ્તર અને પોસ્ટમેનને પોતાના વકીલ મારફતે નોટીસ ફટકારી હતી અને નોટીસમાં જણાવ્યાં અનુસાર, તેઓ પોતાની ફરજ પર નિષ્કાળજી દાખવેલ છે. જેથી આ અંગે ખુલાસો આપવા તેમજ ૧૨ વ્યકિતઓના નામના કવર તાત્કાલિક તેઓના ઘર સુધી પહોંચાડવા તેમજ સહી, સિક્કા સહીત પોતાના સુધી પહોંચાડવા નોટીસમાં ઉલ્લેખ કર્યો હતો અને જો તેમ કરવામાં કસુર કરશો તો વહીવટી અને કાનુની રાહે જઈ કાયદેસરની કાર્યવાહી કરવા પણ સુમિત્રાબેને નોટીસમાં ઉલ્લેખ કરતાં સમગ્ર પોસ્ટ ઓફિસ આલમમાં આ નોટીસને પગલે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

સંજેલી હોળી ફળિયામાં ગેરકાયદેસર બાંધકામ અટકાવવા સીટી સર્વે દ્વારા માપણી ફી ભરવા નોટિસ ફટકારી

સંજેલી,

સંજેલી ખાતે હોળી ફળિયા વિસ્તારમાં એક માથાભારે યુવક દ્વારા પંચાયતની મંજુરી વિના જ ગેરકાયદેસર બાંધકામ કરાતા પંચાયત દ્વારા માપણી કરવાની નોટિસ ફટકારી તેમ છતા પણ ઘોળીને પી જનાર માથાભારે યુવકને સીટી સર્વે દ્વારા ગેરકાયદેસર થયેલા બાંધકામની માપણી ફી ભરવા નોટીસ ફટકારતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

સંજેલી ખાતે હોળી ફળિયામાં રહેતા બાબુભાઈ કચરાભાઈ ડબગર દ્વારા પોતાના રહેણાંક મકાન પાસે આવેલી ખુલ્લી જમીનમાં રોડ સાઈડ પર પંચાયતની મંજુરી કે જમીનની માપણી કર્યા વિના જ બાંધકામ શરૂ કર્યું હતું. જેથી સ્થાનિકોને તેમજ ખેડુતોના ખેતરમાં અવરજવર થતી મુશ્કેલીને લઈને ગેરકાયદેસર બાંધકામ અટકાવી ખુલ્લું કરવા પંચાયતને જાણ કરી હતી. જે બાદ પંચાયત દ્વારા અવારનવાર છેલ્લા છ માસથી નોટિસો ફટકાર્યા સિવાયની કામગીરી હાથ ન ધરાતા નારાજ ખેડૂતો તાલુકા વિકાસ અધિકારીના દ્વાર ખખડાવ્યાં હતાં. જેથી તાલુકા વિકાસ અધિકારીએ સિટીસર્વે સુપ્રિટેન્ડન્ટને માપણી બાબતે જાણ કરવામાં આવતાં ૬ જુલાઈને મંગળવારના રોજ હોળી ફળિયા વિસ્તારમાં માથાભારે યુવક બાબુભાઈ કચરાભાઈ ડબગર દ્વારા થયેલા ગેરકાયદેસર બાંધકામ અટકાવા સર્વે નંબર ૧૭૮ વાળી જમીનની દબાણની માપણી કરાવવા માટે માપણી ફી ૩૦૦ ભરવા ભરવા માટે સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે.

કલેક્ટર ડો.હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. પોતાની પ્રથમ સંકલન સમિતિની બેઠકમાં કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ જિલ્લાના વિવિધ વિભાગોની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી અને વિકાસકાર્યોને વેગવાન બનાવીને સત્વરે લોકો સુધી પહોંચતા કરવા સૂચન કર્યું હતું.

કલેક્ટરએ આ બેઠકમાં જણાવ્યું કે, રાજય સરકારના વિવિધ વિભાગો પરસ્પર સંકલનથી સારી રીતે કામ કરી શકે છે. કોઈ પણ યોજનાની સર્વગ્રાહી અને સંપૂર્ણ અમલવારી માટે તેના સંબધિત વિભાગો વચ્ચે સૂમેળભર્યુ સંકલન હોય તે જરૂરી છે.

ડો. ગોસાવીએ એવું રચનાત્મક સૂચન પણ કર્યું હતું કે, પ્રતિમાસના ત્રીજા શનિવારે યોજાતી સંકલનની બેઠકમાં જે તે વિભાગે અન્ય વિભાગ સાથે યોજનાના સંકલનમાં પડતી મૂશ્કેલીઓ ચર્ચા કરી નિકાલ લાવવાનો રહેશે. તેમણે આ બાબત ઉપર ભાર મૂકયો હતો.

આ બેઠકમાં આરોગ્ય, શિક્ષણ, સિંચાઈ, માર્ગ, વિજળી, વનવિભાગ, સ્માર્ટ સીટી સહિતની બાબતો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કલેક્ટરએ સરકારી વિભાગો દ્વારા ચાલતી યોજનાઓની સમીક્ષા પણ કરી હતી.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર, નાયબ વનસંરક્ષક આર. એમ. પરમાર, પ્રાયોજના વહીવટદાર બી.ડી. નિનામા, નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર, આસીસ્ટન્ટ કલેક્ટર રાજ સુથાર, ડીવાયએસપી પરેશ સોલંકી, જિલ્લા આયોજન અધિકારી કિરણ ગેલાત, ડીઆરડીએ નિયામક સી.બી. બલાત સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

દે.બારીયા તાલુકામાં બે અલગ-અલગ સ્થળે થી બાઈકોની ચોરી

દે.બારીયા,

દાહોદ જિલ્લાના મુખ્ય મથક દાહોદ શહેરમાંથી અને દેવગઢ બારીયા તાલુકામાંથી એમ બે જુદી જુદી જગ્યાએથી બે મોટરસાયકલની ઉઠાંતરી થયાનું જાણવા મળે છે.

ગત તારીખ ૧ જુલાઈના રોજ દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના જરોર ગામે રહેતા મુકેશભાઈ તેરસીંગભાઈ ભાભોર દાહોદ શહેરમાં આવેલ ઝાયડસ હોસ્પિટલ ખાતે કોઈ કામ અર્થે આવ્યા હતા અને તેઓએ પોતાની મોટરસાયકલ ઝાયડસ હોસ્પિટલના પાર્કિંગ વિસ્તારમાં લોક મારી વાત કરી હતી. આ મોટર સાયકલને કોઈ અજાણ્યા ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાયકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધને મુકેશભાઈ તેરસીંગભાઈ ભાભોરે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મોટરસાયકલ ચોરીનો બીજો બનાવ દેવગઢ બારિયા તાલુકાના ચોગનીયા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ૧૨મી જુલાઈના રોજ ચોગનીયા ગામે રહેતા રાજેશભાઈ ચંદુભાઈ લીમ્બાચીયા એ પોતાની મોટરસાયકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાયકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે રાજેશભાઈ ચંદુભાઈ લીમ્બચીયાએ દેવગઢ બારીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદમાં વિજ્ઞાન પ્રવાહ-૧૨ના તમામ વિદ્યાર્થીઓને પાસ કરી દેતાં હોંશિયાર વિદ્યાર્થીઓને અન્યાય

ધાનપુર,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આજરોજ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કર્યું છે. જેમાં દાહોદ જિલ્લામાં કુલ ૧૬૫૪ વિદ્યાર્થીઓ નોંધાયાં હતાં અને વર્ષે પણ કોરોનાની બીજી લહેરને પગલે તમામ વિદ્યાર્થીઓને પાસ કરી દેવામાં આવ્યાં છે. આ વર્ષે માત્ર ૧૬૫૪ પૈકી ૦૬ વિદ્યાર્થીઓનોજ એ – ૧ ગ્રેડમાં સમાવેશ થયો છે. ક્યાંક ને ક્યાંક હોશિયાર વિદ્યાર્થીઓ સાથે અન્યાય થયો હોવાની પણ વાલીઓમાં ગણગણાટ સાંભળવા મળ્યો હતો.

કોરોનાની પ્રથમ લહેરમાં અને હાલ બીજી લહેરે પણ સમગ્ર દેશમાં હાહાકાર મચાવતાં શિક્ષણ આલમ પર પણ તેની ખાસ્સી એવી અસર જોવા મળી રહી છે. કોરોનાને પગલે પરિક્ષાઓ રદ્દ પણ કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓને જે તે વર્ગના ઉપલા વર્ગમાં ચઢાવી દઈ ગ્રેડ પ્રમોશન આપી દેવામાં આવ્યું છે. આજે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયું છે જેમાં દાહોદ જિલ્લામાં ૧૬૫૪ વિદ્યાર્થીઓ પરિક્ષા આપી હતી અને આ તમામ વિદ્યાર્થીઓને ઉપલા વર્ગમાં ધકેલી દઈ પ્રમોશન આપી દેવામાં આવ્યું છે. આ પૈકી દાહોદ જિલ્લામાં માત્ર ૦૬ વિદ્યાર્થીઓનોજ એ – ૧ ગ્રેડમાં સમાવેશ થયો છે જયારે એ–૨ ગ્રેડમાં૩૫, બી–૧ ગ્રેડમાં ૧૨૨, બી – ૨ ગ્રેડમાં ૨૭૭, સી – ૧ ગ્રેડમાં ૪૨૭, સી – ૨ ગ્રેડમાં ૫૩૧, ડી ગ્રેડમાં ૨૨૦, ઈ–૧ ગ્રેડમાં ૩૫ અને ઈ – ૨ ગ્રેડમાં ૦૧ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે.

દાહોદ શહેરમાં આવેલ ઝાયડસ હોસ્પિટલના પાર્કિંગમાંથી એક મોટરસાયકલની ઉઠાંતરી

દાહોદ,

ગત તારીખ ૧ જુલાઈના રોજ દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના જરોર ગામે રહેતા મુકેશભાઈ તેરસીંગભાઈ ભાભોર દાહોદ શહેરમાં આવેલ ઝાયડસ હોસ્પિટલ ખાતે કોઈ કામ અર્થે આવ્યા હતા અને તેઓએ પોતાની મોટરસાયકલ ઝાયડસ હોસ્પિટલના પાર્કિંગ વિસ્તારમાં લોક મારી વાત કરી હતી. આ મોટર સાયકલને કોઈ અજાણ્યા ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાયકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધને મુકેશભાઈ તેરસીંગભાઈ ભાભોરે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

લીમખેડા પોલીસે મોટર સાયકલ ચોરી કરતી આંતર રાજય ગેંગના મુખ્ય સૂત્રધાર સહિત ૮ આરોપીને ઝડપ્યા

લીમખેડા,

દાહોદ જિલ્લાની લીમખેડા પોલીસે મોટરસાઈકલ ચોરી કરતી આંતર રાજય ગેંગના સુત્રધાર સહિત આઠ આરોપીઓને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દિધાં છે. ઝડપાયેલ આઠ આરોપીઓ પાસેથી ચોરીની કુલ ૦૮ મોટરસાઈકલો કિંમત રૂા.૧,૨૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી લીમખેડા પોલીસે ગુન્હાનો ભેગ ઉકેલવામાં સફળતા મળેલ છે.

દાહોદ જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી મોટરસાઈકલ ચોરીની ઘટનાઓમાં ધરખમ વધારો નોંધાયો હતો. મોટરસાઈકલ ચોર ટોળકી ધોળે દિવસે પણ મોટરસાઈકલોની બિન્દાસ્તપણે ચોરીને અંજામ આપતાં હતાં અને પોલીસને જાણે ખુલ્લો પડકાર ફેંકતી હતી. મોટરસાઈકલ ચોરીની ઘટનાને ગંભીરતાથી લઈ દાહોદ જિલ્લા પોલીસ વડાએ જિલ્લાની તમામ પોલીસને એલર્ટ કરી જરૂરી સુચના અને માર્ગદર્શન આપ્યું હતું. ત્યારે આ મામલે લીમખેડા પોલીસ પણ એકશનમાં આવી હતી. ગતરોજ લીમખેડા પોલીસે અલગ અલગ ટીમ બનાવ લીમખેડા પોલીસ હદ વિસ્તારમાં કોમ્બીંગ હાથ ધરતી હતી તે સમયે બે મોટરસાઈકલો પર ૦૬ ઈસમો બેસી પસાર થઈ રહ્યાં હતા અને પોલીસને તેઓની ઉપર શંકા જતાં પોલીસે તેઓને ઉભા રાખી પુછપરછ કરી હતી. પુછપરછમાં પોલીસને સંતોષકારક જવાબ ન મળતાં ૦૬ જણાને પોલીસે બંન્ને મોટરસાઈકલ સાથે લીમખેડા પોલીસ મથકે લઈ આવી હતી. પોલીસ મથકે લાવી પોલીસે કડકાઈથી પુછપરછ કરતાં ૦૬ જણાએ લીમખેડા, દાહોદ ગ્રામ્ય, વડોદરા, બોડેલી, વલસાડથી મોટરસાઈકલ ચોરી કરી હોવાનું કબુલાત કરી હતી. મોટરસાઈકલ ચોરીમાં અન્ય કઠીવાડાના ઈસમો પણ સામેલ હોવાનું પોલીસને જણાવ્યું હતું. કઠીવાડા ગામે ચોરીની મોટરસાઈકલો સંતાડી રાખેલ હોવાનું જણાવતાં પોલીસ કઠીવાડા ગામે પહોંચી ગઈ હતી અને ચોરીની કુલ ૦૮ મોટરસાઈકલો જેની કુલ કિંમત રૂા. ૧,૨૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

લીમખેડા પોલીસે મોટરસાઈકલ ચોરીના ગેંગના સુત્રધાર સહિત ૦૮ ઈસમોની ઝડપી પાડ્યાં છે જેમાં સંદીપભાઈ રામસીંગભાઈ તોમર (રહે,અલીરાજપુર, મધ્યપ્રદેશ), ફકરૂભાઈ શંકરભાઈ બામણીયા (રહે.અલીરાજપુર, મધ્યપ્રદેશ), ગુડો રાયસીંગભાઈ (કઠીવાડા, અલીરાજપુર, મધ્યપ્રદેશ), કરમસીંઘ હેડીયાભાઈ બામણીયા (રહે. અલીરાજપુર, મધ્યપ્રદેશ), જયંતિભાઈ ગુરસીંગભાઈ તોમર (રહે.અલીરાજપુર, મધ્યપ્રદેશ), કડતીયાભાઈ મલસીંગભાઈ તોમર (રહે. કઠીવાડા, અલીરાજપુર, મધ્યપ્રદેશ), નિલેશભાઈ રસીદભાઈ બારીયા (રહે. કઠીવાડા, અલીરાજપુર, મધ્યપ્રદેશ) અને રાયસીંગભાઈ વેસ્તાભાઈ બામણીયા (રહે. કઠીવાડા, અલીરાજપુર, મધ્યપ્રદેશ) નાઓની પોલીસે ધરપકડ કરી હતી.

આ મોટરસાઈકલ ચોરીમાં કુલ ૦૮ સભ્યો છે જેઓ અલગ અલગ શહેરોમાં જઈ રાત્રી દરમ્યાન પાર્ક કરેલ જગ્યાએ રેંકી કરતાં હતાં અને મોટરસાઈકલના લોક તોડી અથવા વાયરો ખોલી મોટરસાઈકલ ડાયરેક્ટર કરી મોટરસાઈકલોની ચોરી કરતાં હતા અને નક્કી કરેલ ચોક્કસ જગ્યાએ ચોરીની મોટરસાઈકલ સંતાડી રાખતા હતાં. આ ગેંગના નક્કીર કરેલ સભ્યો ચોરીની મોટરસાઈખલો વેચવા માટે ગ્રાહકો શોધી નજીવા ભાવે મોટરસાઈકલ વેંચી દેતાં હતાં.

સંજેલીમાં સ્વ.નગીનભાઈ પંચાલના પરિવાર દ્વારા CHCમાં ઓકસીજન સઙ્ગ એમ્બ્યુલન્સનું અનુદાન

સંજેલી,

સંજેલીમાં સ્વ નગીનભાઈ પંચાલના સુપુત્ર કલ્પેશભાઈ પંચાલ સંજયભાઈ પંચાલ અને પરિજનો દ્વારા સંજેલી ખાતે નવીન ઉદ્ઘઘાટનના પ્રસંગે CHC કેન્દ્ર માં નવીન એમ્બ્યુલન્સ ઓકિસજન સાથે અનુદાન કરવામાં આવ્યું હતું જેમાં દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોર રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડ તેમજ અધિકારીઓ દ્વારા લીલી ઝંડી આપી પ્રજાના જનકલ્યાણ હિત માટે સેવાર્થ મુકવામાં આવી હતી.

આ પ્રસંગે દાહોદના સાંસદ જસવંત સિંહ ભાભોર તેઓના ભગીરથ કાર્યને અભિનંદન પાઠવી સ્વ.નગીનભાઈ પંચાલને યાદ કરી જુના સંસ્મરણો યાદ કર્યા હતા. રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડ દ્વારા સંજય પંચાલ તેમજ પરિવારને એમ્બ્યુલન્સ અનુદાન બદલ શુભેચ્છાઓ અભિનંદન પાઠવ્યા હતા નવનિર્માણ પામેલા નવીન CHC કેન્દ્રમાં પ્રજાના હિત કલ્યાણ માટે કલ્પેશભાઈ પંચાલ અને સંજયભાઈ પંચાલ દ્વારાએમ્બ્યુલન્સ દાન કરવામાં આવ્યું હતું.

દાહોદ જીલ્લામાં બે અલગ-અલગ અકસ્માતના બનાવમાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં બે જુદી જુદી જગ્યાએ વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલા માર્ગ અકસ્માતના બે બનાવોમાં બે વ્યકિતઓના મોત નિપજ્યા હોવાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદ શહેરમાં બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ૧૬મી જુલાઈના રોજ ધાનપુર તાલુકાના જાંબુ ગામે નિશાળ ફળિયામાં રહેતા નવલભાઈ બાબુભાઈ મોહનીયા, ચાર વર્ષ બાળક જીગ્નેશભાઈ અને સરદારભાઈ કાનીયાભાઈ મોહનીયા એમ ત્રણેય જણા એક મોટરસાયકલ પર સવાર થઈ દાહોદ શહેરમાંથી પસાર થતો ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પરથી સાંજના છ વાગ્યા આસપાસ મોટર સાઈકલ પર પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન એક અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી નવલભાઈની મોટરસાયકલને અડફેટમાં લેતા ત્રણેય જણા મોટરસાયકલ પરથી ફંગોળાયા હતા. જેને પગલે સરદારભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર દરમિયાન નજીકના દવાખાને ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન સરદારભાઈનું મોત નીપજ્યું હતું. જ્યારે નવલભાઈ તેમજ ૬ વર્ષીય બાળક જીગ્નેશભાઈને પણ શરીર ઓછી વત્તી ઈજાઓ પહોંચતા આ સંબંધે જાંબુ ગામે નિશાળ ફળિયામાં રહેતા અજીતભાઈ કાનીયાભાઈ મોહનીયાએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ફતેપુરા તાલુકાના ઢઢેલા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ૧૭મી જુલાઈના રોજ ફતેપુરા તાલુકાના ડુંગર ગામે ખજુરીયા ફળિયામાં રહેતા અબજીભાઈ અખમભાઈ ગરાસીયા તથા ગમનભાઈ રાયસીંગભાઈ ડામોર એમ બંને જણા એક મોટરસાયકલ પર સવાર થાય છે. ઢઢેલા ગામેથી ઢાળ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન એક એસટી બસના ચાલકે પોતાના કબજાની એસ.ટી.બસ પૂરઝડપે તેમજ કપડાં ભરી રીતે હંકારી લાવી અબજીભાઈની મોટરસાયકલને અડફેટમાં લીધી હતી. જેને પગલે અબજીભાઈ અને ગમનભાઈ બંને મોટર સાયકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતા. જેમાં અબજીભાઈને શરીરે તેમજ માથાના ભાગે અને ગુસ ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળ પરજ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે ગમનભાઈ અને શરીરે ઓછી વત્તી ઈજાઓ પહોંચી હતી. આ સંબંધ ડુંગર ગામે ખજુરીયા ફળિયામાં રહેતા વિકાસભાઈ અકજીભાઈ ગરાસીયાએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધાનપુરની ખજુરી ગામની ઘટનાના ૧૧ આરોપીઓના રિમાન્ડ પુરા થતાં જેલમાં મોકલાયા

ધાનપુર,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ખજુરી ગામની બહુચર્ચિત ઘટનામાં આજેવધુ એક આરોપીને ધાનપુર પોલીસે ઝડપી પાડ્યો હતો જ્યારે ૧૧ આરોપીઓના રિમાન્ડ પુરા થતાં તેઓને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યાં હોવાનું ધાનપુર પોલીસ મથકના પીએસઆઈના જણાવ્યાં અનુસાર જાણવા મળી રહ્યું છે. ખજુરી ગામમાં મહિલા અત્યાચારના બનાવે સમગ્ર દાહોદ જિલ્લા સમેત ગુજરાત રાજ્યમાં ચકચાર મચાવી મુકી છે. એક્શનમાં આવેલ દાહોદ જિલ્લા પોલીસ તંત્રને ઉચ્ચસ્તરીય આદેશો મળતાં અને આ ગુન્હામાં સંડોવાયેલ પતિ સહિત એક પછી એક આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યાં છે. ત્યારે પ્રથમ ૧૧ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યાં હતાં તેઓના આજે રિમાન્ડ પુરા થયાં હતાં અને તેઓને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યાં છે ત્યારે આજે વધુ એક આરોપીને પણ ઝડપી પાડવામાં આવ્યો છે. ધાનપુર પોલીસ મથકના પીએસઆઈ દ્વારા જણાવ્યાં અનુસાર, આ ગુન્હામાં ૦૩ બાળ કિશોરો પણ સામેલ હતાં જેમાંથી ૦૨ બાળ કિશોરોને વડોદરાની ચિલ્ડ્રન રિમાન્ડ હોમ ખાતે રવાના કરવામાં આવ્યાં છે. જ્યારે ૦૧ બાળ કિશોરના જામીન મંજુર કરવામાં આવ્યાં છે. વધુમાં જાણવા મળ્યાં અનુસાર, આજે વધુ ૦૬ આરોપીઓના કોર્ટ દ્વારા રિમાન્ડ મંજુર કરવામાં આવ્યાં છે. આમ, આ કેસમાં એક પછી એક આરોપીઓની ધરપકડ કરી ધાનપુર પોલીસ દ્વારા તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી પ્રક્રિયા હાથ ધરી રહી છે.

દે.બારીયાના સરકારી અનાજ ગોડાઉન માંથી ચાલુ માસના ખાંડ અને દાળનો જથ્થો પહોંચાડાયો નથી

દે.બારીયા,

દે.બારીયા તાલુકાની પંડિત દિનદયાલ ઉપાધ્યાય સસ્તા અનાજની દુકાનો ઉપર જુલાઈ–૨૧ એટલે ચાલુ માસમાં ખાલી ઘઉં, ચોખાનો જથ્થો પહોચતો કરાતા દુકાનદારો કાર્ડધારકોને મુલ્યવાળું જથ્થો ખાલી ઘઉં –ચોખા જે વિતરણ તા.૧૬/૦૭/૨૧થી વિતરણ કરવામાં આવ્યા છે. અગાઉ મે મહિનામાં પણ ખાંડ જાણી સમજીને સગેવગે કરવા માટે ખાંડ લેટ ઈશ્યુ કરી હતી. તેમજ બીજી વખત દુકાનદારોએ મે માસની ખાંડ બારોબાર ગોડાઉન માંથી સગેવગ થઈ હતી શું ? ફરી મે માસની માફક ખાંડ અને દાળ બારોબાર ગોડાઉન માંથી જ સગેવગે થઈ જવાનો ભય કાર્ડધારકોને સતાવે છે. ખાલી ઘઉં–ચોખા વિતરણ થયા બાદ ખાંડ વિતરણ કરવામાં આખા પુરવઠા તંત્રને પણ દરકાર હતી કોરોના જેવી મહામારીના સરકાર તરફ થી વિના મુલ્યે ગરીબ પ્રજાને આપતી જીલ્લાના વહીવટી તંત્ર કે જાગતું નથી. તેમનો પણ ભાગ બટાઉ થઈ જાય છે. તેવી જાહેરાત થઈ છે. ત્યાર થી એડવાન્સ આનજનો જથ્થો જીલ્લામાંથી અનાજ મેળવવા માટે લાગતા વળગતા રાજ્યના અધિકારીઓ તેમજ નોંધ રાખે અને મુલાકાત લેશે તો મસમોટો કૌભાંડ બહાર આવે તેવી ભીંતિ સેવાઈ છે.

ધાનપુરના ભોરવા ગામે ૫૦૦ રૂપીયાની લેવડ દેવડમાં સગાભાઈએ ભાઈને કુહાડીનો ઘા મારી હત્યા કરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ભોરવા ગામે ચકચારી બનાવ સામે આવ્યો છે જેમાં માત્ર ૫૦૦ રૂપિયાની લેવડદેવડ મામલે સગા ભાઈએ પોતાના સગા ભાઈને કુહાડીના ઉપરા છાપરી ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધાની ઘટનાને પગલે પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ગત તારીખ ૧૬મી જુલાઈના રોજ ભોરવા ગામે નિશાળ ફળિયામાં રહેતા જશુબેન કાળુભાઈ રત્નાભાઈ બારીયા તથા તેમના પતિ કાળુભાઈ બંને સાંજના સાડા પાંચ વાગ્યાના સમયે પોતાના ઘરે હતા. તે સમયે તેઓના જ ગામમાં રહેતો અને કાળુભાઈ નો સગો ભાઈ જુવાનસીંગ ઉર્ફે જનીયાભાઈ રત્નાભાઈ બારીયા ત્યાં આવ્યો હતો અને જશુબેન અને તેમના પતિ કાળુભાઈને ૫૦૦ રૂપિયાની લેવડ દેવડની અદાવતમાં બેફામ ગાળો આપી ઝઘડો તકરાર કર્યો હતો અને આ દરમિયાન જુવાનસિંહભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને પોતાની સાથે લાવેલ કુહાડીના ઉપરાછાપરી ઘા કાળુભાઈના માથામાં ઝીંકી દેતાં લોહીલુહાણ હાલતમાં સ્થળ પર જ ઢળી પડ્યા હતા અને તેઓના પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. ઘટનાની જાણ પરિવારજનો તથા ગ્રામજનોમાં થતાં લોકટોળા ઘર તરફ દોડી ગયા હતા. ઘટનાની જાણ થતા પોલીસ કાફલો પણ દોડી આવ્યો હતો અને મૃતકની લાશને નજીકના દવાખાને પીએમ અર્થે મોકલી દઈ પોલીસે આરોપીની ધરપકડ કરવાના ચકો ગતિમાન કર્યા છે. આ સંબંધે મૃતક કાળુભાઈની પત્ની જશુબેન કાળુભાઈ બારીયા દ્વારા જુવાનસીંગ ઉર્ફે જનીયાભાઈ રત્નાભાઈ બારીયા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો આગળની નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગરબાડા નઢેલા ગામે સગીરાનું લગ્નના ઈરાદે અપહરણ

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના નઢેલાવ ગામેથી એક યુવકે એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી પત્ની તરીકે રાખવા સારૂં પણ કરી લઈને જતાં પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ગ

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

પંચમહાલ સમાચાર ઇમ્પેક્ટ

કાલોલ તાલુકાના પરૂણા ગામની કરૂણા દુર કરવા TDO આવ્યા વ્હારે

ગુલાટીબાજ તલાટી સુનીતાબેનની અનિયમિતતા અને મનસ્વી વહીવટ સામે ગ્રામજનોએ ચઢાવી બાંયો

આવાસ યોજનાની સહાય માટે તલાટી સુનીતાબેને લાભાર્થીઓ જોડે નાણાં માંગ્યા હોવાના લાભાર્થીઓનો આક્ષેપો સાથે કાર્યવાહી કરવાની ઉઠી માંગ

કાલોલ,

કાલોલ તાલુકાના પરૂણા ગામે તલાટી સુનીતાબેન છેલ્લા કેટલાંક મહિનાઓથી ગ્રામપંચાયત કચેરી ખાતે હાજર ન રહેતા હોવાની અને તેઓ દ્વારા મનસ્વી વહીવટ સાથે પોતાની મનમાની અને તલાટી સુનીતાબેનની ગામના ગ્રામજનો સાથે અશોભનીય વર્તનની રાવ કરવાના સામે પરૂણા ગામના ગ્રામજનોએ અને પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓએ આ ગુલાટીબાજ તલાટી સુનીતાબેન સામે બાંયો ચઢાવી છે અને આ તલાટી સુનીતાબેનના કાર્યપદ્ધતિની નિષ્પક્ષ તપાસ કરી તેઓના સામે કડક પગલા લઈ કડકમાં કડક કાર્યવાહી કરવા સાથેની માંગ ગ્રામજનો દ્વારા કરવામાં આવી રહી છે. તે સાથે જ પરૂણા ગામના ગ્રામજનોએ પરૂણા ગ્રામ પંચાયતમાં થતી વહીવટ તેમજ પરૂણા ગ્રામપંચાયતના તલાટી સુનીતાબેનના કાર્યકાલ દરમિયાન થયેલ વિકાસ કામો સામે પણ અનેક સવાલો ઉભા કર્યા છે.પરૂણા ગ્રામ પંચાયત કચેરી ખાતે તલાટી સુનીતાબેન સમયસર પાછલા કેટલાંક મહિનાઓથી ગ્રામપંચાયતમાં હાજર ન રહેવાના કારણે હાલમાં કહેવાતા ડીઝીટલ યુગમાં પરૂણા ગામની કરૂણા થઈ જવા પામી છે. તેમજ ગામનો વિકાસ ખાડે ગયો હોવાનુ ગ્રામજનો જણાવી રહ્યા છે. પરૂણા ગામના ગ્રામજનો હાલની સ્થિતિમાં પણ ભારે હાલાકી ભોગવી રહ્યા હોવાની વાતો કરી રહ્યા છે. તેમજ ગ્રામ પંચાયત કચેરી ખાતે હાજર ન રહેનારા ગુલાટીબાજ તલાટી સુનીતાબેનની મનસ્વી કામગીરી કે તેઓના વહીવટના લીધે પરૂણા ગામના ગરીબ લાભાર્થીઓને પાછલા દસ મહિનાથી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બીજી કોઈપણ સહાય ન મળવાથી ચોમાસાના વરસાદમાં પરૂણા ગામના પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને છત વગરના મકાનોમાં રહેવાનો વારો આવ્યો હોવાનુ જણાવી રહ્યા છે. આ આવાસોની સહાય લેવા માટે લાભાર્થીઓ જોડેથી તલાટી સુનીતાબેને લાભાર્થી દીઠ રૂ. ૧૫૦૦ થી ૫૦૦૦ સુધી નાણાંની માંગણી કરી લાભાર્થીઓ જોડેથી અવ નવા બહાના કરી રૂપિયા લીધા હોવાના આક્ષેપો લાભાર્થીઓ કરી રહ્યા છે. લાભાર્થી દીઠ રૂ.૧૫૦૦ થી ૫૦૦૦નાણાં તલાટી સુનીતાબેનને આપવા છતાં લાભાર્થીઓને આવાસ યોજના અંતર્ગત સહાય ન મળતા લાભાર્થીઓએ વારંવાર તલાટી સુનીતાબેનને રજુઆત કરતા હવે સુનીતાબેન દ્વારા આવાસ યોજના અંતર્ગત કોઈપણ પ્રકારની સરકારમાં જ ગ્રાન્ટ ન હોવાના બહાના બતાવી છટકી જઈ લાભાર્થીઓ જોડે મનસ્વી વર્તન કરી લાભાર્થીઓને ઝાટકી રહ્યા હોવાનો સામે આવી ગયુ છે. ગ્રામજનો દ્વારા મળતી માહિતી મુજબ તલાટી સુનીતાબેનના કાર્યકાળમાં સરકાર દ્વારા પરૂણા ગામના વિકાસ માટે જેટલી પણ ગ્રાન્ટ કે યોજનાઓ આવેલી છે તેની તપાસ કરવામાં આવે તો તલાટી સુનીતાબેન અને તેના મળતિયા લાલચી કહેવાતા સત્તાધિશો અને કોન્ટ્રાકરો જેલના સળિયા પાછળ જાય તેમા નવાઈ નહિ તેવુ પણ ગ્રામજનો દ્વારા કહેવામાં આવી રહ્યુ છે. હવે આ આક્ષેપો કેટલા સત્ય છે અને કેટલા પાયાવિહોણા છે તે નિષ્પક્ષ તપાસ કરવામાં આવે ત્યારે જ સામે આવશે પરંતુ ગ્રામ પંચાયત પરૂણામાં ચાલતી લાલિયાવાડી જેમ વહીવટને જોતા લાગી રહ્યુ છે કે વિકાસ મોડલ ગણાતા ગુજરાત રાજયના પરૂણા ગામના ગ્રામજનો હજુ પણ ૧૮મી સદીમાં જીવી રહ્યા છે અને એ ગ્રામજનો પોતે અનુભવી પણ રહ્યા છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પરૂણા ગામના ૭૨ ગરીબ લાભાર્થીઓને વર્ષ–૨૦૨૦માં પાકા મકાનો મંજુર થયેલ હતા જેથી ગામના ગરીબ લાભાર્થીઓ અને તેમના પરિવારમાં ખુશીનો માહોલ સર્જાયો હતો કેમ કે દરેક ગરીબ પરિવારના સભ્યો કે તે પરિવારના મુખિયા પાકા મકાનોના સ્વપ્નો જોતા હોય છે અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સ્વપ્ન જોયો છે કે દેશના તમામ ગરીબ અને ઘરવિહોણા લોકોને પાકા મકાનો આપવાના. આ સ્વપ્નને સાકાર કરવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજનાને અમલમાં લાવી છે અને દેશના ગરીબ અને –ઘરવિહોણા લોકોને સરકાર તરફથી પાકા મકાનો માટે આર્થિક સહાય આપવામાં આવે છે તે ખરેખર ઉત્કૃષ્ટ અને સરાહનીય કામગીરી છે. આ યોજના અંતર્ગત દેશના કરોડો ગરીબ અને ઘરવિહોણા લોકોના પાકા મકાનો બની ગયા છે જેથી આ સ્વપ્ન પરૂણા ગામના લોકોએ પણ જોયુ હતુ. અને તેમનુ પાકુ મકાન બનાવવાના હોઈ તેઓ પણ પાકા મકાનમાં પોતાના પરિવારના સભ્યોને સુરક્ષિત રહેશે તેમ વિચારી ખુશ હતા. પાકા મકાનોના બાંધકામ કરવા માટે આ લાભાર્થીઓને પોતાનુ ગરીબ મહેલ તોડી નવા મકાનનુ કામ પણ શરૂ કરેલ હતુ. પ્રધાનમંત્રી આવાસ યોજના નિયમ મુજબ આ લાભાર્થીઓને આવાસ યોજના અંતર્ગત વર્ષ સપ્ટે–૨૦૨૦માં રૂ.૩૦,૦૦૦નો પહેલો હપ્તો તેમના બેંક ખાતામાં જમાં પણ થયેલ હતો. પરંતુ આગળની સહાય ન મળતા આ લાભાર્થીઓ મુશ્કેલીઓમાં મુકાઈ ગયા હતા. આવાસોના બીજા નાણાં લાભાર્થીઓના ખાતામાં જમા ન થતાં તેની રજુઆતો તલાટી સુનીતાબેનને કરતા તેઓ દ્વારા લાભાર્થીઓ જોડેથી નાણાંની માંગણી કરવામાં આવેલ હતી. જે નાણાં લાભાર્થીઓ દ્વારા સુનીતાબેનને આપવામાં આવેલ હોવાના આક્ષેપો અંગેનો અહેવાલ અને ઓડિયો ક્લિપના અંશો પ્રસિદ્ધ થતાં ગુલાટીબાજ તલાટી સુનીતાબેનના પગ નીચે રેલો આવી જતાં તલાટી સુનીતાબેન અને તેના મળતિયાઓમાં દોડધામ મચી જવા પામી હતી. તલાટી સુનીતાબેનના મનસ્વી વર્તન અને મનમાની સામે ગ્રામજનોએ બાંયો ચઢાવી હોવાનુ જોઈ લેતા શુક્રવારના રોજ સુનીતાબેન તેના મળતિયા તેમજ લાલચી સત્તાધિશો દ્વારા ગ્રામજનો તેમજ લાભાર્થીઓને આવાસ યોજના હેઠળ આગળની સહાય આપવાની લાલચ બતાવી મન પરીવર્તન કરવા જમીન આસમાન એક કરી હતી તેવુ ગ્રામજનો દ્વારા કહેવામાં આવી રહ્યુ છે.

તલાટી દ્વારા લાભાર્થીને વશમાં લઈ કાલોલ કેમ લાવામાં આવ્યા ?

ગ્રામજનો દ્વારા મળતી માહિતી મુજબ શુક્રવારના રોજ સુનીતાબેનના મળતિયાઓ દ્વારા અને તેના લાલચી સત્તાધિશોના લોકો દ્વારા ગામના ૬ થી ૭ લોકોને બેઢીયા ખાતે બોલાવી મીડીયા સામે તેઓના ઉપર લગાવેલ આક્ષેપો પાછા લઈ પોતાના પક્ષમાં નિવેદનો આપવા પ્રયાસો કરવામાં આવેલ હતા. પરંતુ લાભાર્થીઓ ત્યાંથી છટકી જઈ પોતાના નિર્ણય ઉપર ઠામ રહ્યા હોવાના અને તલાટી સુનીતાબેનના મનસ્વી કામગીરી સામે કડકમાં કડક પગલા લેવા માટે માંગ કરી રહ્યા છે.

સમગ્ર ઘટના અંગે તલાટી સુનિતાબેનને પુછવામાં આવતા તેઓએ પોતાના ઉપર લગાવેલ આરોપો પાયાવિહોણા હોવાના જણાવી રહ્યા છે. પરંતુ હવે આ સમગ્ર ઘટના અંગે વેધક સવાલો થાય છે કે, લાભાર્થીઓ અને તલાટી વચ્ચે થયેલ વાર્તાલાપના અંશો છે તેમાં કેટલુ તથ્ય છે તેની ઉચ્ચ અધિકારીઓ દ્વારા નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેમજ ગુલાટીબાજ તલાટી સુનીતાબેનના કાર્યપદ્ધતિની પણ તપાસ કરવામાં આવે તો દુધનુ દુધ અને પાણીનું પાણી થઈ જશે તેમ ગ્રામજનો જણાવી રહ્યા છે. પરંતુ હવે સવાલ એ થાય છે કે, સમગ્ર ઘટના ક્રમનો અહેવાલ પંચમહાલ સમાચારમાં પ્રસિદ્ધ થયા બાદ તલાટી સુનીતાબેન અને તેના મળતિયાઓ દ્વારા પરૂણા ગામના લાભાર્થીઓ જોડેથી નિવેદનો લેવા માટે આટલા આંટા ફેરા કેમ મારવા પડ્યા ? અને લાભાર્થીઓના નિવેદન લેવા માટે લાભાર્થીઓને એક ગાડીમાં બેસાડી કાલોલ તરફ કેમ લઈ જવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો ? એની તપાસ કરવામાં આવે તો ગુલાટીબાજ સુનીતાબેન અને તેના મળતિયાઓના પગ તળે રેલો આવે તેમાં નવાઈ નહિ.

વાયરલ ઓડીયોને લઈ ગ્રામજનોના નિવેદનો લેતાં TDO

ગોધરા,

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મહત્વાકાંક્ષી યોજના એવી પ્રધાનમંત્રી આવાસ યોજના કે જે આવનાર વર્ષ ૨૦૨૨ સુધી કોઈપણ દેશવાસી ઘર વિહોણા ન રહે તે માટે કાર્યરત કરવામાં આવી છે. પરંતુ આ પ્રધાનમંત્રી આવાસ યોજના ગરીબ અને લાચાર તેમજ ઘરવિહોણા લાભાર્થીઓ માટે આર્શીવાદરૂપ જરૂરથી પુરવાર થઈ રહેવા પામી છે. જ્યારે બીજી બાજુ વડાપ્રધાનના ગૃહરાજય ગુજરાતના પંચમહાલ જીલ્લાના પરૂણા ખાતે આ પ્રધાનમંત્રી આવાસ યોજના મનસ્વી વહિવટ કરનાર તલાટી સુનિતાબેન અને દલાલો કે મલાઈ ખાઉં જે કે સત્તાધિશો ખાટકતા હોય તેઓને આ પ્રધાનમંત્રી આવાસ યોજના કમાઉ દિકરા સમાન અને મલાઈદાર પુરવાર થઈ રહેલી હોવાના આક્ષેપો પરૂણા ગામના લાભાર્થીઓ લગાવી રહ્યા છે. અને આ આક્ષેપોની તપાસ તેમજ લાભાર્થીઓના નિવેદનો લેવા માટે તાલુકા વિકાસ અધિકારી પરૂણા ગામમાં પહોંચી આ મામલે તપાસના ચકોગતિમાન કર્યા હતા.

કાલોલ તાલુકાના પરૂણા ગ્રામ પંચાયતમાં વર્ષ ૨૦૨૦માં ગામના ૭૨ લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાનો મંજુર થયેલા હતા. જે લાભાર્થીઓ માંથી બે લાભાર્થીઓને આવાસ યોજના અંતર્ગત બે હપ્તા તેમજ અન્ય ૬૯ લાભાર્થીઓને આવાસ યોજના અંતર્ગત સપ્ટેમ્બર ૨૦૨૦માં લાભાર્થી દીઠ ૩૦ હજારની સહાય તેઓના બેંક ખાતામાં જમા થયેલ હતા. આ લાભાર્થીઓને આવાસ યોજના અંતર્ગત આગળની કોઈપણ પ્રકારની સહાય ન મળતાં તેઓના મકાનોનું કામ અટવાઈ જતાં આગળની સહાય મેળવવા માટે તેઓએ વારંવાર સુનિતાબેનને રજુઆતો કરી હતી. જેમાં તલાટી સુનિતાબેને આ લાભાર્થીઓ જોડે નાણાં માંગણી કરી હોવાનું અને આ નાણાં તલાટી સુનિતાબેનને આપ્યા હોવાનું જણાવ્યું હતું. જેમાં આ સમગ્ર ઘટના અંગે એક ઓડિયો કલીપમાં લેતી દેતીના અંશો વાયરલ થઈ જતાં પ્રશાસન દ્વારા આ અંગે તપાસ હાથ ધરી હતી. સમગ્ર મામલા અંગે અને વાયરલ થયેલ ઓડિયો કલીપની તપાસ અર્થે કાલોલ તાલુકા વિકાસ અધિકારી સહિતની ટીમ પરૂણા ગામ ખાતે પહોંચી લાભાર્થીઓ તેમજ ગ્રામજનોના નિવેદનો લેવા તજવીજ હાથ ધરી હતી. તે સમયે ગુલાટીબાજ તલાટી સુનિતાબેનની ગ્રામ પંચાયતમાં અનિયમિતતા અને તેઓના મનસ્વી વહિવટ થી ત્રાહિમામ બનેલી ગામની મહિલાઓમાં રણચંડીકાનો રૌદ્ર સ્વરૂપ તેમજ ગ્રામજનોમાં આક્રોશ જોવા મળ્યો હતો. તેના વચ્ચે થોડી રકઝકનો માહોલ સર્જાયો હતો. આવા માહોલમાં પોતાની સુઝબુઝ થી અને પોતાના કાર્યશૈલી થી તાલુકા વિકાસ અધિકારી એ ગ્રામજનોને સમજાવી તેઓની મુશ્કેલી સાંભળી તેઓને ટુંક સમયમાં હપ્તાની રકમ મળી રહે તેની તજવીજ હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું. ગ્રામજનોની સમસ્યા સમજીને અને ગ્રામજનોને સાથે રાખી ગામમાં ફરી લાભાર્થીઓની મુલાકાત લઈ લાભાર્થીઓને પડતી મુશ્કેલી અને તેઓને પડતી મુશ્કેલી અને સમસ્યાઓને લઈ ગામના લાભાર્થીઓએ લગાવેલ આક્ષેપો અંગે રૂબરૂ નિવેદન લેવામાં આવ્યા હતા. લાભાર્થીઓ દ્વારા લગાવવામાં આવેલ આક્ષેપો અને તલાટી સુનિતાબેન અને તેઓના મળતીયાઓ દ્વારા કરવામાં આવેલ નાણાંની માંગણી અંગેના નિવેદનો ગ્રામજનો દ્વારા તેમજ લાભાર્થીઓ દ્વારા આપવામાં આવ્યા હતા. આ નિવેદનો સાથે ગ્રામજનો એ તલાટી સુનિતાબેન સામે કડકમાં કડક કાર્યવાહી કરવા ઉગ્ર માંગ કરવામાં આવી હતી.

હવે લોકોમાં ચર્ચાઈ રહ્યું છે કે, ગામના ગ્રામજનો તેમજ આવાસ યોજનાના લાભાર્થીઓના લીધેલા નિવેદનો અને મનસ્વી વહિવટ કરી પોતાને ઉપરવટ સમજનાર ગુલાટીબાજ તલાટી સુનિતાબેનની જીલ્લામાં તપાસ કરો કે જીલ્લા બહાર બદલી કરી ઉચ્ચ અધિકારીઓ પોતાની પીઠ થપ થપાવશે ....? કે પછી તલાટી સુનિતાબેન સામે ખતાકીય તપાસ કરી કાનૂની કાર્યવાહી કરી રાજયમાં ઉદાહરણરૂપ દાખલો બેસાડશે... ?

પરણિતાના પૂર્વ પ્રેમીએ બળજબરીપૂર્વક પ્રેમ સંબંધો યથાવત રાખવા માટે પરિણીતા અને કુટુંબ સાથે મારઝુડ

કાલોલ,

કાલોલ તાલુકાના મોકળ ગામની સ્નેહલબેન રાઠોડના ચાર વર્ષ પહેલાં સાવલી તાલુકાના સોખળા ગામે રોહિતકુમાર રમેશભાઈ ગોહિલ સાથે લગ્ન કર્યા હતા, પરંતુ લગ્ન પુર્વે તેના મોકળ ગામના રોહિત રાઠોડ સાથે પ્રેમ સંબંધો હતા. જેથી એ વર્ષે પહેલા સ્નેહલના અને પછી રોહિત રાઠોડના એમ બન્નેના લગ્ન થઈ જતાં એકબીજાના સુખી લગ્નજીવન માટે પ્રેમ સંબંધો નહીં રાખવા અને બધું ભૂલી જવા માટે માટે પ્રેમી રોહિત રાઠોડને સમજાવ્યો હતો. જ્યારે લગ્ન પછી સ્નેહલના અને રોહિત રાઠોડ એમ બન્નેના પોતાના સંસારમાં એક પુત્ર અને એક પુત્રીના માતાપિતા પણ બની ગયા હોવા છતાં પ્રેમી રોહિત રાઠોડ પિયરમાં (મોકળ) આવતી ત્યારે હું તારા વિના રહી શકતો નથી. કહીને વારંવાર મળવાની કોશિશ કરી સ્નેહલ સાથે ગાળાગાળી અને મારઝૂડ પણ કરતો હતો. જોકે પાછલા ઘણા સમયથી સ્નેહલની માતા બિમાર હોવાને કારણે સ્નેહલ પિયરમાં રહેતી હોવાથી તાજેતરમાં ૧૫/૦૭ના રોજ સાંજના સુમારે સ્નેહલના પિતા કાલોલ કામે ગયા હતા. તેનો ભાઈ જીઆઈડીસીની એક કંપનીમાં નોકરી ગયો હતો અને બિમાર માતા પથારીમાં હતી. એ તકનો લાભ લઈને પૂર્વ પ્રેમી રોહિતે ઘરમાં આવીને સ્નેહલને ઘર પાછળ મળવા બોલાવી હતી. જ્યાં એકલતાનો લાભ ઉઠાવી અઘટિત માંગણી કરતા તેને ના પાડતાં રોહિતે મારઝૂડ કરી હતી. તદ્દઉપરાંત જો તું નહીં માને તો તારા ભાઈ અને તારા પતિને પણ જાનથી મારી નાંખીશ એવી ધમકી આપી બળજબરીથી ઈચ્છત લેવાની કોશિશ કરતા એ સમયે ગમે તે રીતે તેના હાથમાંથી છટકીને ઘરમાં આવી ગઈ હતી. જે સમગ્ર ઘટના અંગે તેના પિતા અને ભાઈ સાથે વાત કરતા બીજા દિવસે બપોરે ગામનું પંચ બોલાવી પંચ સમક્ષ રોહિત રાઠોડને સ્નેહલના પિતાએ ઠપકો આપતા રોહિત રાઠોડ આવેશમાં આવીને તેના પિતાને મારવા માટે ઉઠ્યો હતો. જે સમયે બાપાને છોડાવવા આવેલા સ્નેહલના ભાઈને લાકડી વડે હુમલો કરી મારમારી ઈજા પહોંચાડી હતી. આમ પૂર્વ પ્રેમીના પરાક્રમ સામે સ્નેહલે કાલોલ પોલીસ સ્ટેશનમાં પહોંચી ફરિયાદ દાખલ કરતા કાલોલ પોલીસે આરોપી એવા પૂર્વ પ્રેમી રોહિત ગુલાબસિંહ રાઠોડ સામે ગુનો નોંધી આગળની તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

પંચમહાલ સહિત ગોધરામાં લાંબી રાહ બાદ મેઘમહેર ૧ કલાકમાં પોણો ઈંચ વરસાદ ખાબકયો

ગોધરા,

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં બપોરના સમયે મેઘરાજા એ મહેર કરી હતી. એક કલાક સુધી પોણા ઈંચ જેટલો વરસાદ પડયો હતો. વરસાદ ખેંચાતા વાતાવરણમાં ઉકળાટ થી લોકો પરેશાન હતા. તેમાંથી રાહત મળી છે.

મધ્ય ગુજરાતમાં ચોમાસાની સીઝનમાં મેઘરાજા મન મૂકીને વરસતા ન હોવાથી ગરમી અને બફારા થી લોકો ત્રાસ ઉઠયા છે. બીજી તરફ વરસાદ ખેંચાતા ધરતીનો તાત પણ આકાશ તરફ મીટ માંડી રહ્યો છે. સમયસર વરસાદ ન થવાની વાવેતર કરેલ પાક સુકાઈ જવા આવ્યો હોય ત્યારે મેઘરાજા મહેર કરે તેવી આશા રાખી રહ્યા છે. ત્યારે આજરોજ પંચમહાલ જીલ્લામાં ગોધરા સહિતના તમામ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. ગોધરા સહિત જીલ્લામાં એક કલાક સુધી પોણા ઈંચ જેટલો વરસાદ પડતા ખેડુતોમાં આનંદ વ્યાપ્યો છે અને હવે મેઘરાજા અવિરત મહેર કરશે તેવી આશા સેવી રહ્યા છે.

આજરોજ બપોરના સમયે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ગાજવીજ સાથે મેઘમહેર થઈ હતી. જેને લઈ શહેરના અમુક માર્ગો ઉપર પાણી જોવા મળ્યા હતા. પરંતુ અતિશય ઉકળાટ વચ્ચે મેઘમહેર કરતાં લોકોએ ઉકળાટ થી રાહત અનુભવી

પાવાગઢ ખૂણીયા મહાદેવ પાસેથી હાલોલ થી પાંચ દિવસ પહેલા ગુમ થયેલ યુવાનનો મૃતદેહ મળ્યો

પાવાગઢ,

પાવાગઢ યાત્રાધામ ખાતે આવેલ ખૂણીયા મહાદેવની તળેટી માંથી પાંચ દિવસ અગાઉ હાલોલ થી ગુમ થયેલ યુવાનનો મૃતદેહ મળી આવ્યો. ફાયર ફાયટરોની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. ડીસ્પોઝ હાલતમાં મૃતદેહ હોય જેને લઈ તબીબી ૭૦ ફુટ થી વધુ ઉંચાઈ ચડીને મૃતદેહનું પી.એમ. કરવામાં આવ્યું હતું. મૃત યુવાનના પરિવારને બોલાવીને ઘટના સ્થળે અંતિમવિધી કરવામાં આવી.

તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

વિસ્તૃત વિગતો પ્રમાણે હાલોલના પાવાગઢ યાત્રાધામ પર આવેલ ખૂણીયા મહાદેવની તળેટીમાં પાંચ–દિવસ પહેલા હાલોલન યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. પાવાગઢ પોલીસ સફાઈ કામદારોને તેમજ મેડીકલ ટીમને બોલાવવામાં આવી હમતી. મેડીકલ ટીમના તબીબ ડૉકટર જીગ્નેશ પારગી દ્વારા પાવાગઢ ખૂણીયા મહાદેવ તળેટી થી ૭૦ ફુટ થી વધુ ઉપર ચડીને મૃતદેહનું પીએમ કરવામાં આવ્યું હતું. મળી આવેલ મૃતદેહ હાલોલથી ગુમ થયેલ યુવાનનો હોય જેથી પરિવારજનોને બોલાવીને ડીસ્પોઝ હાલતમાં હોવાથી ઘટના સ્થળે અંતિમવિધી કરવામાં આવી હતી. પાવાગઢ પોલીસ, ફાયર ફાયટરો, મેડીકલ ટીમ તેમજ સફાઈ કામદારો તેમજ પાવાગઢ સરપંચની કામગીરીને સરાહવામાં આવી હતી.

રકતદાન એ મહાદાન : ગોધરા રેલ્વે હોસ્પિટલ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન

ગોધરા,

રેલવે હોસ્પિટલ ગોધરા ખાતે રેડક્રોસ ગોધરા ના સહયોગથી રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે રેલવે કોર્ટના ન્યાયાધીશ વાય.બી.ગામીત પોતાનો કિંમતી સમય ફાળવીને ઉપસ્થિત રહી રકત દાતાઓનો અને સમગ્ર મેડીકલ સ્ટાફગણનો ઉત્સાહ વધાર્યો હતો. જેમાં કુલ ૧૨૪ યુનિટ ભેગા કરીને રેકોર્ડ સર્જ્યો હતો. રકતદાન કેમ્પને સફળ બનાવવા માટે રેલવે હોસ્પિટલ ગોધરાના ચીફ ફાર્માસિસ્ટ જયદિપ સોની, ડો. ઈસ્માઇલ ફોદા, નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ જ્યોતિષ ગામીત, ડો. ધ્વનિ મહેતા, હેલ્થ ઈન્સ્પેકટર અજયભાઈ, અસલમભાઈ તથા હિતાંશી ફાઉન્ડેશનના પ્રમુખ બાદલ વણઝારા, ડો.શ્યામસુંદર શર્મા, ડો. અજયભાઈ સોનીએ ભારે જહેમત ઉઠાવીને સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડ્યું હતું.

તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ડો. પૂજા જયદિપ સોની (યુ.એસ.એ) ની વર્ષગાંઠ નિમિત્તે, વેસ્ટર્ન રેલવે એમ્પ્લોઇઝ યુનિયનના બ્રાન્ચ સેક્રેટરી શેરસિંગ મીણા, લારા હોસ્પિટલના ડો સુજા વલી, ચીફ નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટ સરલા બલસારિયા વડોદરા, હિતાંશી ફાઉન્ડેશનના પ્રમુખ બાદલ વણઝાર દ્વારા રકતદાન કરનાર રકતદાતાને જુદી જુદી ભેટ દ્વારા પ્રોત્સાહિત કરવાનું પ્રશંસનીય કામ કરવામાં આવ્યું હતું.